**સુવિચાર**

''ન્યાયમાં એક ઘરે, સમાધાનમાં બન્ને ઘરે દીવો થાય છે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૯/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ PENDAWALA
શ્રાદ્ધપક્ષ નિમિતે...
સ્પે. દુધપાક
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૨૩૦


## જી.પી. વસ્તરપરા ટ્રસ્ટનાં માર્ગદર્શનતળે ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા

# બારડોલીથી સોમનાથ સુધીની ''સરદાર સન્માન યાત્રા''નો આજથી પ્રારંભ

**૧૧ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર સુધી યોજાનાર આ યાત્રા દરમિયાન અનેકવિધ કાર્યક્રમો પણ યોજાશે**


**સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી અંતર્ગત યાત્રાનું કરાયું આયોજન**

**દેશને પોતાનાં રજવાડા અર્પણ કરનાર રાજવી પરિવારોનું પણ કરાશે સન્માન**

**ભાજપ, કોંગ્રેસનાં દિગ્ગજ આગેવાનોએ સરદાર યાત્રાને શુભેચ્છા પાઠવી**

સુરત, તા. ૧૦

અખંડ ભારતના શિલ્પી, લોખંડી પુરૂષ તથા દેશના પ્રથમ નાયબ વડાપ્રધાનસરદારવલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી પૂર્વે કર્મભૂમિ બારડોલીથી ધર્મસ્થાન સોમનાથ સુધીના સંગમથી જીવન અને કર્તવ્યને પ્રેરિત "સરદાર સન્માન યાત્રા ૨૦૨૫"નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ને ગુરૂવારનાં રોજ બારડોલીથી શરૂ થઈ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ને સોમવારના રોજ સૌમ્ય અને પવિત્ર સોમનાથ સુધી ૧૨ દિવસમાં કુલ ૧૮૦૦ કિ.મી., ૧૮ જિલ્લા, ૬૨ તાલુકા અને ૩૫૫ ગામોને આવરી લેશે જેનું સ્વરૂપ છે "કર્મથી ધર્મની યાત્રા".




આ યાત્રાનો મુખ્ય ઉદેશ સર્વ સમાજ, સંસ્થા અને વર્ગને એકતામાં બાંધી રાષ્ટ્રીય એકતા, દેશભકિત અને સરદાર પટેલનાં કતૃવ્યને શ્રધ્ધાંજલિ આપવાનો છે. જેમાં દરેક ધર્મ, જ્ઞાતિ, વર્ગ, ભાષા અને વિચારધારાને એક સૂત્રમાં બાંધવાનું અમૂલ્ય કાર્ય થવાનું છે. સરદાર પટેલે ૫૬૨ રાજવાડાઓને જોડીને અખંડ ભારત બનાવ્યું—હવે સમય છે તેની ગાથા યુવાનો સુધી પહોંચાડવાનો.

આ યાત્રા દરમિયાન વિવિધ ગામોમાં અનેક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમ કે દરેક ગામમાં વૃક્ષારોપણ અભિયા અંતર્ગત વૃક્ષ મંદિર (વડલો, પીપળો ઊમરો) વાવી આવનારી પેઢી માટે હરિયાળા વારસાનું નિર્માણ કરવામાં, સ્વાતંત્ર્ય સેનાની તથા શહીદ જવાનોના પરિવારોના સન્માન, દેશને પોતાના રજવાડા અર્પણ કરનાર રાજવી પરિવારોનું સન્માન, સરદાર સાહેબના સિધ્ધાંતો અને રાષ્ટ્રના એકીકરણમાં તેમની ભૂમિકા અંગે જાગૃતિ કાર્યક્રમો, વિવિધ સમાજ, પથ અને વર્ગના લોકોએ એકત્વપૂર્વક યાત્રામાં સહભાગી થવાની અનોખી પરંપરા, દરેક તાલુકા અને ગામમાંથી એકત્રિત પાણી વડે સોમનાથ ખાતે સરદાર સાહેબના અભિષેકનું આયોજન કરવામાં આવશે, યાત્રા રોજ સવારે ૮ કલાકે જે—તે સ્થળેથી ઉત્સાહપૂર્વક પ્રસ્થાન કરશે, દરરોજ સાંજે જયાં યાત્રા વિરામ હશે ત્યા સરદાર સભાનું આયોજન કરવામાં આવશે, અંતિમ સ્થળ સોમનાથ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ સાંજે ૪:૩૦ કલાકે, માર્ગમાં આવેલા જિલ્લાઓ તથા શહેરોમાં સ્વાગત સમારંભો, સભાઓ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.

વિશેષ માહિતી માટે સંપર્ક: વૈભવ વસ્તરપરા (ચમારડી) મો. ૭૮૦ ૧૯૩૦૮૦૮નો સંપર્ક કરવા જણાવાયું

## સાંસદ ગ્રાન્ટનાં બાંકડા દયનીય હાલતમાં



દામનગરમાં પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાની ગ્રાન્ટમાંથી ફાળવાયેલ બાંકની હાલત કફોડી બની છે. જનપ્રતિનિધિઓને મળતી ગ્રાન્ટમાંથી પોતાના મત વિસ્તારમાં બાંકડા ફાળવી દેતા હોય છે, પછી દેખભાળ રખાતી ન હોય તેને કારણે લોકોની સ્થાનિક પ્રશાંસનની જવાબદારી હોય છે કે નહીં તે નકકી ન હોવાથી બાંકડાની હાલત કેવી થાય છે તે આ તસ્વીરમાં દામનગર શહેરમાં આવેલ કોળીવાડમાં જુના સાર્વજનિક દવાખાના નજીક જોવા મળે છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાંચની કામગીરી

# રાજકોટનાં શખ્સની ૬ ચોરીના ગુન્હામાં અટકાયત કરવામાં આવી

**રૂપિયા ૪૭૫૯૦ નો મુદ્દામાલ કબ્જે લેવાયો**



અમરેલી, તા. ૧૦

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી.


**અનુસંધાન પાના ૬ ઉપર**



ન ભૂતો.... ન ભવિષ્યતિ...
ટુ વ્હીલર બેટરી ધમાકા ઓફર
મોન્સુન ધમાકા ઓફર
ટુ વ્હીલર વાહન માલિકો માટે આનંદના ખબર
દરેક ટુ વ્હીલર સેલ્ફ સ્ટાર્ટ વાહનો માટેની બેટરી
Lucas
4 LB માત્ર રૂા.૮૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૧૦૦૦/- માત્ર
4 LB માત્ર રૂા.૭૦૦/- માત્ર
5 LB માત્ર રૂા.૯૦૦/- માત્ર
નોંધ : આ ભાવ માત્ર જુની બેટરી પરત કરવાના છે.
દરેક ટુ વ્હીલરની બેટરી હાજર સ્ટોકમાં મળશે.
આ સાથે ૪૮ મહિનાની વોરંટી તો ખરીજ..
અમરેલી જિલ્લાના ડિસ્ટ્રીબ્યુટર
94269 38161 (Since 1995) 76986 55398
જય શ્રી ચામુંડા બેટરી હાઉસ
મેઈન બ્રાંચ: રેલ્વે સ્ટેશન રોડ, ગોપી ટોકીસની બાજુમાં, અમરેલી
બ્રાંચ: લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



સર્વે સમાજના હૃદયમાં વસેલા
સૌના સરદાર, જય સરદાર
સરદાર સન્માન યાત્રા 2025


**પરિચય,**

અખંડ ભારતના શિલ્પી,લોખંડી પુરૂષ તથા દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતિ પૂર્વે કર્મભૂમિ બારડોલીથી ધર્મસ્થાન સોમનાથ સુધીના સંગમથી જીવન અને કર્તૃત્વને પ્રેરિત ''સરદાર સન્માન યાત્રા ૨૦૨૫'' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રા ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૫ને ગુરૂવારના રોજ બારડોલીથી શરૂ થઈ ૨૨ સપ્ટેમ્બર-૨૦૨૫ ને સોમવારના રોજ સૌમ્ય અને પવિત્ર સોમનાથ સુધી ૧૨ દિવસમાં કુલ ૧૮૦૦ કિ.મી., ૧૮ જિલ્લા, ૬૨ તાલુકા અને ૩૫૫ ગામોને આવરી લેશે. જેનું સ્વરૂપ છે. ''કર્મ થી ધર્મની યાત્રા''

આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ સર્વ સમાજ, સંસ્થા અને વર્ગને એકતામાં બાંધી રાષ્ટ્રીય એકતા,દેશભકિત અને સરદાર પટેલના કર્તૃત્વને શ્રદ્ધાંજલિ આપવાનો છે. જેમાં દરેક ધર્મ,જ્ઞાતિ, વર્ગ,ભાષા અને વિચારધારાને એક સૂત્રમાં બાંધવાનું અમૂલ્ય કાર્ય થવાનું છે. સરદાર પટેલે ૫૬૨ રાજવાડાઓને જોડીને અખંડ ભારત બનાવ્યું - હવે સમય છે તેમની ગાથા યુવાનો સુધી પહોંચાડવાનો.

**:: કાર્યક્રમની રૂપરેખા ::**

- યાત્રા રોજ સવારે ૮ કલાકે જે-તે સ્થળે થી ઉત્સાહપૂર્વક પ્રસ્થાન કરશે.
- યાત્રાનાં માધ્યમથી સરદાર પટેલના સપના નું ભારત રહે તેવા કાર્યો થશે સરદાર પટેલનાં વિચારો પરિપૂર્ણ થયા તેજ સરદાર સાહેબનું સાચું સન્માન.
- દરરોજ સાંજે જયાં યાત્રા વિરામ હશે ત્યાં સરદાર સભાનું આયોજન કરવામાં આવશે.
- અંતિમ સ્થળ : તા.૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ સાંજે : ૪:૩૦ કલાકે
- માર્ગમાં આવેલા જિલ્લાઓ તથા શહેરમાં સ્વાગત સમારંભો, સભાઓ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.

**:: યાત્રાની મુખ્ય વિશેષતાઓ ::**

આ યાત્રા દરમિયાન વિવિધ ગામોમાં અનેક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમ કે

- દરેક ગામમાં વૃક્ષારોપણ અભિયાન અંતર્ગત વૃક્ષ મંદિર (વડલો, પીપળો, ઉમરો) વાવી આવનારી પેઢી માટે હરિયાળા વારસાનું નિર્માણ કરવામાં.
- સ્વાતંત્ર્ય સેનાની તથા શહીદ જવાનોના પરિવારોના સન્માન
- દેશને પોતાના રજવાડા અર્પણ કરનાર રાજવી પરિવારોનું સન્માન.
- સરદાર પટેલના સિદ્ધાંતો અને રાષ્ટ્રના એકીકરણમાં તેમની ભૂમિકા અંગે જાગૃતિ કાર્યક્રમો.
- વિવિધ સમાજ, પંથ અને વર્ગના લોકોએ એકત્વપૂર્વક યાત્રામાં સહભાગી થવાની અનોખી પરંપરા.
- દરેક તાલુકા અને ગામમાંથી એકત્રિત પાણી વડે સોમનાથ ખાતે સરદાર પટેલના અભિષેકનું આયોજન કરવામાં આવશે.

:: સૌમ્ય વિનયપૂર્વક ::

વિશેષા માહિતી માટે સંપર્ક : વૈભવ વસ્તરપરા (ચમારડી) મો.78 0193 08 08



**ગોપાલભાઈ વસ્તરપરા (ચમારડી)**

'' સર્વે સમાજના હૃદય માં વસેલા, સૌના સરદાર જય સરદાર ''


શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ રાજકોટ સંસ્થાન
ધર્મજીવન હોસ્પિટલ
સરકારશ્રીની PMJAY
આયુષ્માન યોજના અંતર્ગત
નીચેના વિભાગોમાં દાખલ સારવાર:
24/7 ઈમરજન્સી
● મેડીસીન & ક્રિટીકલ કેર વિભાગ
● સર્જરી વિભાગ
● ઓર્થોપેડિક વિભાગ
● સ્ત્રી રોગ અને પ્રસુતી વિભાગ
● નવજાત શિશુ માટે NICU & બાળકો માટે PICU વિભાગ
સંપૂર્ણ મફત*
875 875 4112/3310 શિવાજી ચોક, જેસીંગપરા, અમરેલી



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
98,400/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સએપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

# સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં સફાઈકર્મીઓની વેદના તો દૂર કરો

# આ તે કેવુ : સફાઈ કામદારોને મહિનામાં માત્ર ૧૫ દિવસની નોકરી

**સંવેદનશીલ મુખ્યમંત્રીએ રાજુલા પાલિકાનાં કર્મચારીઓની વ્યાજબી માંગ પૂર્ણ કરવી જરૂરી**

**છેલ્લા ૧૦ દિવસથી સફાઈકર્મીઓ આંદોલન કરતાં હોય કોઈ જનસેવક વેદના સાંભળવા જતા નથી**

**રાજુલામાં આંદોલન કરતાં તમામ સફાઈકર્મીઓને ધારીનાં પોલીસ હેડકવાર્ટરમાં ખસેડવામાં આવ્યા**

**પાલિકાનાં પ્રાદેશિક કમિશનરે દોડી આવીને જે વ્યાજબી માંગ હોય તેનું નિરાકરણ કરવુ જરૂરી**






અમરેલી, તા. ૧૦

રાજુલા પાલિકાનાં સફાઈકર્મીઓ છેલ્લા ૧૦ દિવસથી માત્ર ૨ માંગણીઓને લઈને આંદોલન કરતાં હોય પાલિકાનાં શાસકોથી લઈને મોટા ગજાનાં જનપ્રતિનિધિઓ કે ઉચ્ચ અધિકારીઓ સફાઈ કર્મીઓ સાથે બેઠક કે ચર્ચા કરીને પ્રશ્નનું નિરાકરણ લાવતા ન હોય સફાઈકર્મીઓની વેદના દિવસે-દિવસે વધી રહી છે.

સફાઈ કર્મચારીઓની માંગ એ છે કે પાલિકામાં સફાઈકર્મીઓને મહિનામાં માત્ર ૧૫ દિવસની જ નોકરી આપવામાં આવે છે અને વર્ષોથી રોજમદાર તરીકે કામગીરી કરે છે તેને કાયમી કરવા અને દરરોજ નોકરી ફાળવવી.

પરંતુ પાલિકાનાં શાસકો વ્યાજબી માંગને નજર અંદાજ કરતાં હોવાથી સફાઈ કર્મીઓ ૧૦ દિવસથી આંદોલનનાં માર્ગે ચડયા છે અને તેઓને ધારીનાં પોલીસ હેડ કવાર્ટર ખાતે લઈ જવામાં આવ્યા છે. જેમાં મહિલા કર્મીઓની તબિયત પણ લથડી રહી છે.

એક તરફ રાજયની સરકાર સંવેદનશીલ હોવાનો દાવો કરવામાં આવે છે. "સરકાર ગરીબો કે લિયે હોતી હે" તેવો દાવો પ્રધાનમંત્રી પણ કરી ચુકયા છે. ત્યારે આ સફાઈકર્મીઓની વેદના શું કામ દૂર થતી નથી તેવો વેધક પ્રશ્ન ઉભી થયો છે.

## બેન્કનાં કર્મચારીએ મૃતકનાં વારસદારને જાણ કરતાં

# ધારી : જિલ્લા મધ્યસ્થ બેન્કનાં ગ્રાહકને રૂપિયા ૨ લાખના વીમાની રકમ મળી

**મૃતકનાં પતિએ બેન્ક ચેરમેનનો પણ આભાર માન્યો**

ચલાલા, તા.૧૦

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારીબેંકલી. ધારીશાખાના કર્મચારીની સજાગતા, કર્મ નિષ્ઠા અને પ્રમાણિકતાના કારણે બેંકન ગ્રાહકને દોઢ વર્ષે પણ કેન્દ્ર સરકારનીપ્રધાનમંત્રીજીવનજયોતવીમા યોજનાનાંર લાખ મળેલછે તેવીહકીકત જાણવામળેલછે.

સમગ્ર વિગતની જાણ કરતા ધારીબેંકનાગ્રાહકભરતભાઈ વલ્લભભાઈ અંટાળાએજણાવ્યુંહતુંકે, મારાધર્મપત્ની વિમળાબેન અંટાળાનું તારીખ ૭/ ૨/ ૨૦૨૪નારોજદુઃખદઅવસાનથયેલ. જેના બચતખાતામાંથીપ્રધાનમંત્રીજીવનજયોત વીમા યોજનાનું પ્રીમિયમ ધારી બેંકમાંથી કપાતુહતુએનીઅમોનેજરા પણજાણના હતી. મારાપત્નીનુંઅવસાનથયાબાદ ૧૯ મહિના બાદ હું અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી ધારી શાખાની બેંકમાં હું મારા પત્નીનું બચત ખાતું બંધ કરવા માટે તા. ૨૪/૮/૨૫નારોજ ગયેલહતો. ત્યારે ધારી બેંકના કર્મચારી દ્વારા મને જણાવવામાં આવેલ કે આ તમારા પત્નીના બચત ખાતામાંથી કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જીવનજયોત યોજનાનો પ્રીમિયમ કપાતું હતું જેની મને જાણ કરવામાં આવેલ હતી. તેમાં મારા પુત્રનું નામ વારસદાર તરીકે નિમેલ હતું. જે વારસદાર તરીકે મારા પુત્ર પાસે બેંકના કર્મચારીએ તા. ૨૫/૮/૨૦૨૫ ના રોજ અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ધારી શાખામાં કલેઈમ અરજી કરાવેલ હતી. તે કરેલ કલેઈમ અરજી માત્ર દસ જ દિવસમાં મંજૂર થઈ જતા મારા પત્નીના બચત ખાતામાં કલેઈમની રકમ રૂપિયા બે લાખ જમા પણ થઈ ગયેલ છે. આવી રીતના મને કે મારા પરિવારને કોઈ પણ પ્રકારની જાણ નહીં હોવા છતાં અને હું તો માત્ર મારા પત્નીનુંબચતખાતુંબંધકરાવવામાટેબેંકમાં ગયોહતો. પરંતુબેંકના કર્મચારીનીનિષ્ઠા, પ્રમાણિકતાઅનેસજાગતાના કારણે મારા પરિવારને બે લાખની માતબર રકમ અણધારી મળેલ છે.

બેંકના કર્મચારીએ જણાવેલ છે કે, બેંકના ગ્રાહકને ભલે તેઓને મળેલ યોજનાના લાભની જાણ ના હોય પણ અમારી ફરજ છે કે ગ્રાહકને જાણ કરી તેમને મળતા લાભ અપાવવા સાથ સહકાર અને સહયોગ અપાવવાની. આવી ફરજનિષ્ઠા બજાવવા બદલ બેંકના ગ્રાહક ભરતભાઈ વલ્લભભાઈ અંટાળાએ પોતાના સમગ્ર પરિવાર વતી બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી તેમજ બેંકના તમામ સ્ટાફનો દિલથી આભાર માની સંતોષની લાગણી સાથે આનંદ વ્યકત કર્યો હતો.


## બગસરા ખાતે શુક્રવારે નેત્રનિદાન કેમ્પ યોજાશે

બગસરા, તા. ૧૦

જેસિઝ ગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨/૯/૨૦૨૫ શુક્રવારના રોજ ગૌ.વા. ગોરધનદાસ ગોપાલજીભાઈ ભરખડા, ગૌ.વા. ગોદાવરીબેન ગોરધનદાસ ભરખડા, ગૌ.વા. નિતાબેન વિનોદરાય ભરખડાના સ્મરણાર્થે વિનોદરાય ગોરધનદાસ ભરખડા પરિવારના સૌજન્યથી ૬૨૬ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશનની જરૂરિયાત વાળાદર્દીઓનેવિનામુલ્યેઓપરેશનકરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

ઓપરેશન માટે જનાર તમામ દર્દીઓને જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામાં આવશે. કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ આધારકાર્ડ નકલ સાથે રાખી કેમ્પના દિવસ ૧૨/૯/૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે આંખની હોસ્પિટલ ખાતે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

## વાંકીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સર્ગભા તપાસ કેમ્પ યોજાયો

અમરેલી, તા. ૧૦

અમરેલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા ખાતે તા. ૯/૯/૨૫ મંગળવારના રોજ સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. રીતુ સોનાગરા મેડમ દ્વારા વાંકીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ ના ગામોના ૨૭ થી વધુ સર્ગભા મહિલા બહેનોની નિઃશુલ્ક તપાસ કરી આપેલ હતી. જરૂરી આરોગ્ય શિક્ષણ પણ સર્ગભા બહેનોને આપવામાં આવેલ. સ્થાનીક સ્ટાફ દ્વારા લેબોરેટરી તપાસ એલ.ટી. તુંષાબેન સાદરાણી દ્વારા કરવામાં આવેલ. જરૂરી દવાઓ ફાર્મા રિદ્ધિબેન ચાવડા દ્વારા આપવામાં આવેલ. જરૂરી આરોગ્ય શિક્ષણ ડો. પલ્લવી ઠુંમ્મર સ્થાનીક મહિલા કર્મચારી દર્શનાબેન માધડ દ્વારા આપવામાં આવેલ હતું. સંપૂર્ણ કેમ્પનુ આયોજન ડો. કીરણબેન શેલડીયા, આકાશભાઈ અગ્રાવત, સુપ જી.ડી. ભગત દ્વારા કરવામાં આવલેલ હતું.

## રાજકોટનાં ડો. હિમાંશુ ઠક્કરની સિધ્ધિ

# અન્નનળીમાં ફસાયેલ સુપારીનો દોઢ સેમીનો કટકો દૂરબીન વડે ગણતરીની મિનિટોમાં બહાર કાઢયો

**અન્નનળીમાં ફસાઈ જવાનાં કેસ બાળકોમાં વધારે જોવા મળે**



ચલાલા, તા.૧૦

રાજકોટ વિદ્યાનગર રોડ સ્થિત ડો. હિમાંશુ ઠક્કરની હોસ્પિટલ ખાતેએકઅનોખોકેસનોંધાયોહતો. ૫૩ વર્ષીય મહિલા દર્દી, મહેરીબેન મંગલિકા (રાજકોટ), સુપારી ખાતા સમયે દોઢ સેન્ટીમીટર મોટો ધારદાર કટકો અન્નનળીમાં ફસાઈ ગયો હતો. દર્દીનેગળામાંદુખાવો, ઊબકાતથાપાણી પણ નીચે ન ઉતરતું હોવાથી તાત્કાલિક ડો. હિમાંશુ ઠક્કરનો સંપર્ક કરવામાં આવ્યો.

ડો. ઠક્કરે દૂરબીન વડે ગણતરીનીમિનિટોમાંજઓપરેશનકરી સફળતાપૂર્વક આ ધારદાર સુપારીનો કટકો બહાર કાઢ્યો અને દર્દીને યાતનામુકત કર્યા. ખાસ બાબત એ હતી કે દર્દીની અન્નનળીનો ઉપરનો ભાગ (ક્રિકોફેરેન્ક્સ) અત્યંત સંકોચાઈ ગયો હતો, જે હિમોગ્લોબિનની ઉણપને કારણે સર્જાયો હતો. આ કારણે વારંવાર અન્નનળીમાં વસ્તુ ફસાવાની સમસ્યા ઊભી થતી હતી.

આ પહેલાં પણ, વર્ષ ૨૦૧૪માં, આજ દર્દીના ગળામાં વટાણો ફસાઈ જતા ડો. હિમાંશુ ઠક્કરે દૂરબીન વડે સફળતાપૂર્વક બહાર કાઢયો હતો.

દર્દીની પરિવારજનોએ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો. આવા ધારદાર સુપારીના કટકા કાઢતી વખતે વધારાની કુશળતા અને અત્યંત કાળજી જરૂરી બને છે, કારણ કે તેને દૂર કરતી વખતે અન્નનળીને નુકસાન થવાની શકયતા રહે છે.

પરંતુ આવા અનેક જટિલ ઓપરેશનો દૂરબીન વડે પાર પાડવામાં માહિર એવા ડો. હિમાંશુ ઠક્કરે ફરી એકવાર કોઈપણ જાતના કોમ્પ્લીકેશન વગર આ ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડ્યું અને દર્દીને યાતનામુકત કર્યા.

ખાસ કરીને મહિલાઓમાં થતી આ તકલીફ ૪૦ થી ૫૦ વર્ષીય મહિલાઓમાં વધારે જોવા મળે છે અને મેડિકલટર્મિનોલોજીમાંતેને Plummer-Vinson syndrome કહેવાયછે. તેમણે હિમોગ્લોબિનની ઉણપને અવગણ્યા વગર વહેલી તકે સારવાર લેવાની જરૂરિયાત પર ભાર મૂકયો.

ડો. ઠક્કરના જણાવ્યા મુજબ ગળામાં કંઈક ફસાઈ જવું જેવા કેસો ખાસ કરીને નાના બાળકોમાં વધારે જોવા મળે છે પરંતુ પુખ્ત વયના લોકોમાં બહુ ઓછા જોવા મળે છે.

## સારસ્વત કોળી કર્મચારી સહકારી મંડળી દ્વારા

# અમરેલી ખાતે આગામી માસે જિલ્લાનાં તેજસ્વી તારલાઓને સન્માનીત કરાશે

**ધો. ૫ થી ધો. ૧૨માં ૬૦ ટકાથી વધુ મેળવનારને પ્રોત્સાહિત કરાશે**

અમરેલી, તા.૧૦

અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી સહકારી મંડળી દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા માટે આગામી માસે ભવ્ય ઈનામ તેમજ સન્માન કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં સમગ્ર અમરેલી જિલ્લાના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

પ્રાપ્ત વિગત મુજબ કોળી સમાજ હજુ શિક્ષણ ક્ષેત્રે ખુબજ પાછળ છે. ત્યારે સમાજને શિક્ષણ ક્ષેત્રે ઉજાગર કરવા અમરેલી જિલ્લા સારસ્વત કોળી કર્મચારી મંડળ દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ સાથે સન્માન સમારંભ કાર્યક્રમ યોજવામાં આવેશે. જે અંતર્ગત સમગ્ર જિલ્લાના ધોરણ ૫ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ૬૦ ટકાથી વધુ માર્ક ધરાવનારમાંથી ઊંચ માર્ક ધરાવનારને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કરવામાં આવનાર હોવાનું મંડળીના પ્રમુખ પ્રવીણભાઈ બારૈયા મંત્રી ધ્રુવેશભાઈ મકવાણા તેમજ આશિષભાઈ મકવાણાની યાદીમા જણાવવામાં આવેલ છે.

## અમરેલી સેવા ટ્રસ્ટનુ પ્રેરણાદાયી પ્રશંસનીય કાર્ય

અમરેલી, તા. ૧૦

અમરેલી સેવા ટ્રસ્ટ જે મંદ બુધ્ધિના બાળકોના કલ્યાણ અર્થે કાર્યો કરે છે. કોઈને કોઈ રીતે તેઓને ઉપયોગી થવા પ્રયત્ન કરે છે. કોઈને કોઈ રીતે તેઓને ઉપયોગી થવા પ્રયત્ન કરે છે. તાજેતરમાં અમરેલી સ્મશાન કમિટી સંચાલિત માનસિક વિકાસ કેન્દ્ર (મંદબુધ્ધિના બાળકોનું છાત્રાલય) જયા મંદબુધ્ધિના બાળકોના વિકાસ અર્થે જરૂરી કાર્યો થાય છે. તે સંસ્થાને આ કાર્ય માટે ઉપયોગી થવાની ભાવના સાથે રૂા. બે લાખનું અનુદાન અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ છે. તેમ સંસ્થાની યાદીમાં અમરેલી સેવા ટ્રસ્ટ વતી રાજુભાઈ પરિખ જણાવે છે.

# અમરેલી : આઈ.સી.ડી.એસ. ઘટક દ્વારા સરંભડા ગામે પોષણ ઉત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાયો






સમગ્રદેશતથાગુજરાતમાં મહિલા તથા બાળ કલ્યાણ મંત્રાલય દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે તે કાર્યક્રમ અંતર્ગત સરંભડા ગામે આજે આઈ.સી.ડી.એસ. અમરેલીઘટક-૨ નાવાંકિયા તથા સરંભડા સેજાના બહેનો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશ અનેદુનિયામાંમિલેટસ (દેશીધાન્ય) દ્વારા શારિરીક પોષણ અને તંદુરસ્તી મેળવવાની વાત થઈ રહી છે ત્યારે આંગણવાડી માં આવતા બાળકો અને સગર્ભા-ધાત્રી બહેનોને પણ મિલેટસમાંથી બનતી અવનવી વાનગીઓદ્વારાસારૂ પોષણ મળી રહે છે તેનાપ્રચારઅનેપ્રસારનું સરાહનીય કાર્ય આંગણવાડી વર્કરો, હેલ્પરો, સુપરવાઈઝરો અને સમગ્ર આઈ.સી.ડી.એસ. ના અધિકારીઓ દ્વારા થઈ રહ્યું છે ત્યારે આજે સરંભડા ગામે પોષણક્ષમ સપ્તાહની ઉજવણીના યોજાયેલ કાર્યક્રમમાં વાંકિયા તથા સરંભડાસેજાનાઆંગણવાડીવર્કરોદ્વારા મિલેટસ અને ટી.એચ.આર. માંથી બનતીવાનગીઓબનાવીનેરજુ કરવામાં આવી હતી જેમાંથી પ્રથમ, બીજો અને ત્રીજા નંબર પર આવેલી વાનગી બનાવનાર બહેનોનું સન્માન કરવામાં આવ્યુંહતું. ગુજરાતરાજય આંગણવાડી કર્મચારી ફેડરેશનના પ્રમુખ મોટાભાઈ સંવટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાંસરપંચવિનુભાઈ દુધાત, ઉપ સરપંચ મધુભાઈ હરખાણી, તલાટી મંત્રી કેયુષભાઈ બોરીચા, મુખ્ય સેવિકા સર્વ નિર્મળાબહેન સોંદરવા, મનશિફાબહેનકુરેશી, પ્રાથમિક શાળાના આચાર્ય વસંતબહેન સાવલિયા, મિતેશભાઈ કથીરિયા સહિત આંગણવાડીવર્કરો, હેલ્પરોઅનેબાળકો ઉપસ્થિત રહ્યાં હતા. મોટાભાઈ સંવટ દ્વારા વડાપ્રધાન દ્વારા શરૂ કરાયેલ મિલેટસ મિશનને પ્રામાણિકતા અને નિષ્ઠાથી આગળ ધપાવવા બહેનોને અનુરોધ કરાયો હતો. મુખ્ય સેવિકા નિર્મળાબહેન અને મનશિફાબહેન દ્વારા આંગણવાડી વર્કરોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુંહતું.

## ખેડૂત નેતા રાજુ કરપડા, ગોપાલ ઈટાલીયા અને પ્રવિણ રામે જનતાનાં દિલમાં સ્થાન મેળવ્યુ

# સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટીની ત્રિપુટી ભાજપ માટે પડકારરૂપ

**યુવાનો, મહિલાઓ, ખેડૂતો, વેપારીઓ અને છેવાડાનાં માનવીની વેદનાને પ્રભાવી રીતે રજુ કરી રહ્યા છે**

**૩૦-૩૦ વર્ષથી અવિરત સત્તા મળતી હોય ભાજપનાં નેતાઓ જનતાથી વિમુખ બન્યા હોય 'આપ'ને લાભ**

**સત્તા પક્ષનાં આગેવાનો આલીશાન કાર સહિતની સુવિધામાં રચ્યાપચ્યા હોય 'આપ' માટે ઉમદા તક**

**આગામી દિવસોમાં અનેક નામી ચહેરાઓ આમ આદમી પાર્ટીમાં જોડાવવાની પણ સંભાવના જોવા મળે છે**

અમરેલી, તા. ૧૦

ગુજરાતની રાજકીય જમીન પર છેલ્લા કેટલાય વર્ષોથી ભાજપનો એકહથ્થો પ્રભાવ રહ્યો છે. ગ્રામ્ય સ્તરથી લઈને વિધાનસભા સુધી ભાજપની જીત એક પ્રકારની પરંપરા બની ગઈ છે. પરંતુ રાજકારણમાં સમય-સમયે નવી લહેરો ઉઠતી રહે છે અને તે લહેરો હાલ સૌરાષ્ટ્રમાં આમ આદમી પાર્ટી (આપ) માટે અનુકૂળ બની રહી છે. ખાસ કરીને ત્રણ યુવા ચહેરા ગોપાલ ઈટલીયા, રાજુ કરપડા અને પ્રવીણ રામ સૌરાષ્ટ્રમાં ભાજપ માટે ભારે સાબિત થઈ શકે છે.

**ગોપાલ ઈટાલીયા-પાટીદાર સમાજના કેન્દ્રમાં**

આપના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સૌરાષ્ટ્રમાં પાટીદાર સમાજના યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. તેમની તીખી વાણી, સાફ ભાષા અને ગર્જના ભરેલી રાજનીતિએ તેમને યુવા વર્ગમાં આગવું સ્થાન અપાવ્યું છે. પાટીદાર સમાજ જે લાંબા સમયથી ગુજરાતની રાજનીતિમાં નિર્ણાયક ભૂમિકા ભજવતો રહ્યો છે તે સમાજના યુવાઓમાં ઈટાલીયાની લોકપ્રિયતા ભાજપ માટે ચિંતાનો વિષય છે.

ગોપાલ ઈટાલીયા પોતાના સ્પષ્ટ વકતવ્ય અને જનતા સાથેના સીધા જોડાણ માટે જાણીતા છે. તેઓ પાટીદાર આંદોલનના સમયમાં ઉભા થયેલા ચહેરા છે અને આજ સુધી પોતાના સમાજની લાગણીઓને રાજકારણ સાથે જોડવામાં સફળ રહ્યા છે. આગામી ચૂંટણીમાં પાટીદાર સમાજના યુવાઓમાં તેમનો પ્રભાવ ભાજપની ગઢેલી વ્યૂહરચનાને અસર કરી શકે છે.

**રાજુ કરપડા-ખેડૂતના દિલનો અવાજ**

સૌરાષ્ટ્રની રાજકીય જમીન મોટાભાગે ખેડૂત સમાજ પર આધારિત છે અને આ ખેડૂતોના દિલમાં સ્થાન બનાવવામાં સફળ થયા છે આપના યુવા નેતા રાજુ કરપડા. તેઓ પોતાની ગામઠી ભાષા અને તીખા વકતવ્ય માટે જાણીતા છે. તેમની જાહેર સભાઓ ગીરના સિંહ જેવી ગર્જના સાથે ગૂંજી ઊઠે છે.

રાજુ કરપડા સોશ્યલ મીડિયા મારફતે પણ મોટા પાયે લોકપ્રિય થયા છે. ખાસ કરીને ખેડૂતોના પ્રશ્નો જેમ કે પાકનું યોગ્ય મૂલ્ય, સબસીડી, સિંચાઈ, રખડતા પશુઓનો પ્રશ્ન વિષે તેમણે અનેક વખત ખુલ્લેઆમ અવાજ ઉઠાવ્યો છે. ખેડૂતો માટે સતત સંઘર્ષ કરતા આ યુવા નેતા સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપના પરંપરાગત વોટ બેંકને સીધી ટક્કર આપી શકે છે.

**પ્રવીણ રામ-આહીર સમાજના યુવા આઈકન**

પ્રવીણ રામ આહીર સમાજમાંથી આવતા યુવા નેતા છે. રોજગારીના પ્રશ્નો પર સતત લડત આપીને તેમણે પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. યુવાવર્ગમાં બેરોજગારી મોટો મુદ્દો છે અને પ્રવીણ રામે ભરતી પ્રક્રિયા, પરીક્ષા પેપર લીક જેવા મુદ્દાઓને લઈને સરકાર સામે વારંવાર ચીમકી ઉઠાવી છે.

તેમની આ લડતને કારણે તેઓ ખાસ કરીને વિદ્યાર્થીઓ અને રોજગારીની તકોની રાહ જોતા યુવાઓમાં લોકપ્રિય બન્યા છે. યુવાનોમાં આકર્ષણ ધરાવતા પ્રવીણ રામની સક્રિયતા સૌરાષ્ટ્રમાં ભાજપના યુવા મતદારોને આપ તરફ વાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

**ભાજપ માટે પડકાર**

સૌરાષ્ટ્રમાં ભાજપની સફળતા મોટાભાગે વિરોધ પક્ષની નિષ્ક્રિયતાને કારણે રહી છે. કોંગ્રેસ લાંબા સમયથી અસરકારક રીતે સંઘર્ષ કરી શકી નથી. પરંતુ હવે આપએ પોતાનો દબદબો જમાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. આ ત્રણ યુવા ચહેરા ગોપાલ



ઈટાલીયા, રાજુ કરપડા અને પ્રવીણ રામ ભાજપના એકહથ્થા કિલ્લાને હચમચાવી શકે છે.

યુવાનો, ખેડૂત અને પાટીદાર સમાજ આ ત્રણેય ભાજપની મજબૂત મતબેંક છે. પરંતુ જો આ વર્ગો આપના આ ત્રણ ચહેરા તરફ વળી જાય તો ભાજપ માટે મુશ્કેલી ઊભી થઈ શકે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં રાજુ કરપડા અને પ્રવીણ રામનો પ્રભાવ જોવા મળી શકે છે, જયારે શહેરી અને અર્ધશહેરી વિસ્તારોમાં ગોપાલ ઈટાલીયાનું પાટીદાર સમાજમાં મજબૂત કનેકશન



ભાજપના મતગણિતને સીધો અસર કરીશકે છે.

**આવનારી ચૂંટણીઓનો કસોટી સમય**

સૌરાષ્ટ્રમાં આગામી સમયમાં પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ યોજાવાની



છે. આ ચૂંટણીઓ ભાજપ માટે લિટમસ ટેસ્ટ સાબિત થશે. કારણ કે જો આ ચૂંટણીઓમાં આપના આ યુવા નેતાઓ પ્રભાવ બતાવી શકે તો વિધાનસભાની આગામી ચૂંટણીમાં આપનું સ્થાન વધુ મજબૂત બનશે.

આપનું હાલનું સંગઠન કદાચ ભાજપ જેટલું મજબૂત નથી, પરંતુ જનસંપર્ક અને સક્રિયતાના આધારે આ ત્રણ ચહેરાઓએ સૌરાષ્ટ્રના લોકોમાં વિસ જગાડવાનું કામ શરૂ કરી દીધું છે. ખાસ કરીને સોશ્યલ મીડિયા પર તેમની લોકપ્રિયતા ભાજપ માટે નવો પડકાર બની રહી છે.

સૌરાષ્ટ્રમાં રાજકારણ હંમેશા પરિવર્તનશીલ રહ્યું છે. અહીંના ખેડૂત, યુવા અને પાટીદાર સમાજે હંમેશા રાજકીય સમીકરણો બદલવાની ક્ષમતા દર્શાવી છે. આજની તારીખે આપના ત્રણ યુવા ચહેરા ગોપાલ ઈટાલીયા, રાજુ કરપડા અને પ્રવીણ રામ એવી જ પરિસ્થિતિ ઊભી કરી રહ્યા છે.

જો આવનારી ચૂંટણીઓમાં આ યુવા નેતાઓ પોતાનો પ્રભાવ બતાવી શકશે, તો ભાજપના અવિજય કિલ્લામાં ભંગાણ પડી શકે છે. સૌરાષ્ટ્રના રાજકારણમાં એક નવી રાજકીય ગાથા લખાઈ રહી છે અને તેમાં આ ત્રણ યુવા ચહેરાઓ મુખ્ય ભૂમિકા ભજવવા તૈયાર છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશનરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શીયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠ્ઠા
Mo. 93770 03636

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી Mo.94287 95274 Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઈન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઈએ છે
(કામની જવાબદારી)
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
લાયકાત : B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

HERO
નવરાત્રી પ્રી-બુકિંગ ઑફર્સ
ઘરે લઈ આવો હીરો
બુકિંગ શરૂ ₹5100* થી
વધારાનું કેશ ડિસ્કાઉન્ટ ₹1000*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડૉ. કાજલ બગડા
M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
લાંબા સમયથી રૂઝાતા-ઘા, નાડીવણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

GST DEDUCTION OFFER
તારીખ 22/09/2025 થી GST ઘટવાનો હોવાથી દરેક વાહન પર અંદાજીત
₹ 6000 /-*
સુધીનો ફાયદો મળશે
સ્ટોક લિમિટેડ હોવાથી ફૂલ પેમેન્ટથી બૂકિંગ કરી લેવું
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
શુદ્ધ ઘીમાં મોહનથાળ...
શુદ્ધ ઘીમાં બુંદી...
શુદ્ધ ઘીમાં મગીયા લાડુ...
વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

### ૧૦ હજાર લોકો સુધી રાશન કિટ સાથે મદદ કરશે

# પંજાબમાં રિલાયન્સે મોટું રાહત અભિયાન શરુ કર્યું

## પંજાબમાં કમ્યુનિટી કિચન ચલાવવા માટે રાશન આપવામાં આવી રહ્યું છે, જેથી તરત ભોજન મળી શકે

નવી દિલ્હી, તા.૧૦

પંજાબમાં આવેલા ભીષણ પૂર બાદ રિલાયન્સે રાજ્યમાં મોટી રાહત અને બચાવ અભિયાન શરુ કર્યું છે. કંપનીએ કહ્યું કે, તે રાજ્ય પ્રશાસન, પંચાયતો અને સ્થાનિક લોકો સાથે મળીને સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં મદદ પહોંચાડી રહ્યા છે. ખાસ કરીને અમૃતસર અને સુલ્તાનપુર લોધીના ગામડાઓમાં.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીએ આ અંગે કહ્યું કે, આ કપરા સમયમાં અમારું દિલ પંજાબના લોકો સાથે છે. કેટલાય પરિવારોના ઘર, રોજગાર અને સુરક્ષાની ભાવના ખોઈ દીધી છે. સમગ્ર રિલાયન્સ ફેમિલી તેમની સાથે ઊભી છે. ખાવાનું, પીવાનું, શેલ્ટર કિટ અને માણસોની સાથે સાથે જાનવરોની દેખરેખ પણ થઈ રહી છે. આ પોઈન્ટનો પ્લાન અમારો **We Care**ના વિચારને દર્શાવે છે. અમે પંજાબ સાથે કદમ મિલાવીને ચાલવા માટે કટિબદ્ધ છીએ.

રિલાયન્સે સૌથી વધારે પ્રભાવિત ૧૦,૦૦૦ પરિવારો માટે ડ્રાય રાશન કિટ તૈયાર કરી છે. આ ઉપરાંત ૧૦૦૦ જરૂરિયાતમંદ ઘરોને ૫,૦૦૦ રૂપિયાનું વાઉચર આપવામાં આવી રહ્યા છે. તેમાંથી મોટા ભાગની એકલી મહિલાઓ અને વૃદ્ધ મહિલાઓ સામેલ છે. કમ્યુનિટી કિચન ચલાવવા માટે રાશન આપવામાં આવી રહ્યું છે, જેથી તરત ભોજન મળી શકે. પાણી ભરેલી વિસ્તારમાં સુરક્ષિત પાણી પીવા માટે પોર્ટેબલ વોટર ફિલ્ટર લગાવવામાં આવી રહ્યા છે. વળી પૂરમાં બેઘર થયેલા પરિવારો માટે ટેન્ટ, તાડપત્રી અને મચ્છરદાની, રસ્સી અને બેડ જેવા શેલ્ટર કિટ પહોંચાડવામાં આવી રહી છે. રિલાયન્સ ટીમ સ્વાસ્થ્ય જાગૃતિ સત્ર આયોજિત કરી રહી છે અને પૂર બાદ બીમારીઓને રોકવા માટે પાણીના સ્ત્રોતની સફાઈ અને ડિસઈન્ફેક્શન કરી રહી છે. દરેક પ્રભાવિત ઘરને સેનિટેશન કિટ આપવામાં આવી રહી છે, જેમાં રોજિંદી જરૂરી સ્વચ્છતા સામગ્રી સામેલ છે.

પૂરમાં માણસોની સાથે સાથે જાનવરો પણ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. પશુપાલન વિભાગ સાથે મળીને રિલાયન્સ ફાઉંડેશન અને વનતારાએ પશુ ચિકિત્સા શિબિર લગાવી છે. અહીં દવાઓ, વેક્સિન અને દેખરેખ રાખવામાં આવશે. લગભગ ૫૦૦૦ ઢોર માટે ૩૦૦૦ સાઈલઝ બંડલ વહેંચવામાં આવી રહ્યા છે. વનતારાની ૫૦થી વધારે નિષ્ણાતોની ટીમ આધુનિક રેસ્ક્યૂ ઉપકરણો સાથે જાનવરોની સારવાર કરી રહી છે અને જે પશુ પૂરમાં મર્યા છે, તેમનું સન્માનજનક રીતે વૈજ્ઞાનિક રીતે અંતિમ સંસ્કાર પણની પણ ખાતરી કરી રહ્યા છે, જેથી બીમારી ન ફેલાય.

જિયો પંજાબ ટીમે એનડીઆરએફ સાથે મળીને પૂરગ્રસ્ત વિસ્તારમાં નેટવર્ક શરુ કરવા માટે સતત કામ કર્યું છે અને આખા રાજ્યમાં ૧૦૦ ટકા કનેક્ટિવિટીની ખાતરી આપી છે. તો વળી રિલાયન્સ રિટેલની ટીમે રિલાયન્સ ફાઉંડેશન અને વોલિટિયર્સ સાથે મળીને ખાસ ૨૧ આઈટમવાળી રાશન અને સેનિટેશન કિટ મોકલી છે. જેથી પ્રભાવિત ગામડામાં પોષણ અને સ્વચ્છતા બની રહે.

રિલાયન્સ ફાઉંડેશને કહ્યું કે, ટીમ ચોવીસ કલાક પ્રશાસન, પંચાયતો અને પશુપાલન વિભાગ સાથે કામ કરી રહી છે. જરૂરી મદદ તરત પહોંચાડવાની સાથે સાથે મધ્યમ અવધિની રિકવરી યોજના પણ બનાવી છે. નિવેદનમાં કહેવાયું છે કે આ સંકટની ઘડીમાં રિલાયન્સ પંજાબના લોકો સાથે ખભે ખભો મિલાવીને ઊભી છે. અમારી સામૂહિક કોશિશો રાજ્યને જલદી અને મજબૂતીથી બહાર લાવવામાં મદદ કરશે.

### પ્રેસિડેન્શિયલ રેફરન્સ અંગેની સુનાવણી આજે પૂર્ણ થવાની શક્યતા

# રાજ્યપાલો પાસેથી વાજબી સમયમાં બિલો અંગે નિર્ણયની અપેક્ષા : સુપ્રીમ

## બંધારણ કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભાએ પસાર કરેલા બિલો અંગે નિર્ણય કરવાની રાજ્યપાલની સત્તા સંબંધિત છે

નવી દિલ્હી, તા.૧૦

રાજ્યોના બિલો અંગે રાજ્યપાલની સત્તા અંગેના પ્રેશિડેન્શિયલ રેફરન્સ અંગેની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે મંગળવારે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૦૦માં 'શક્ય તેટલી ઝડપ'થી શબ્દોનો ઉપયોગ કરવામાં ન આવ્યો હોય તો પણ રાજ્યપાલો રાજ્યોના બિલ અંગે વાજબી સમયગાળામાં નિર્ણય કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. રાજ્યોના બિલો અંગે નિર્ણય કરવામાં કોર્ટ રાજ્યપાલો અને રાષ્ટ્રપતિ માટે કોઈ સમયમર્યાદા લાદી શકે કે નહીં તે અંગેના રાષ્ટ્રપતિના રેફરન્સ અંગે મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે આઠમા દિવસે સુનાવણી કરી હતી. ખંડપીઠે પુનરોચ્ચાર કર્યો કે તે ફક્ત બંધારણનું અર્થઘટન કરશે અને વ્યક્તિગત કેસોના તથ્યોની ચકાસણી કરશે નહીં.બંધારણ કલમ ૨૦૦ રાજ્ય વિધાનસભાએ પસાર કરેલા બિલો અંગે નિર્ણય કરવાની રાજ્યપાલની સત્તા સંબંધિત છે. આ સત્તા હેઠળ રાજ્યપાલ બિલોને સંમતિ આપે છે, તેને અટકાવી શકે છે, બિલને પુનર્વિચારણા માટે પરત કરી શકે છે અથવા બિલને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખી શકે છે. પંજાબ સરકાર વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અરવિંદ દાતારે જણાવ્યું હતું કે બંધારણના ઘડવૈયાઓએ કલમ ૨૦૦માં 'શક્ય તેટલી વહેલી તકે' શબ્દો મૂક્યા છે અને બિલોને મંજૂરી આપવા માટે ત્રણ મહિનાનો સમય નક્કી કરવામાં કોર્ટ માટે કોઈ અવરોધ નથી. ખંડપીઠે જણાવ્યું હતું કે જો 'શક્ય તેટલી વહેલી તકે' શબ્દ ન હોત તો પણ રાજ્યપાલ પાસેથી વાજબી સમયની અંદર કાર્યવાહી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. કોંગ્રેસના નેતૃત્વ હેઠળની કર્ણાટક સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ ગોપાલ સુબ્રમણ્યમે જણાવ્યું હતું કે બંધારણીય યોજના હેઠળ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલો બંને કેન્દ્ર અને રાજ્યો બંનેમાં કેબિનેટની સલાહ પર કાર્ય કરવા માટે બંધાયેલા છે. કલમ ૩૬૧ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોને કોઈપણ ફોજદારી કાર્યવાહીથી મુક્તિ આપે છે, કારણ કે તેઓ કોઈ વહીવટી કાર્ય કરતાં હોતા નથી. પ્રેસિડન્ટ કે રાજ્યપાલ વ્યક્તિગત ક્ષમતાએ વહીવટી સત્તાનો ઉપયોગ કરી શકે નહીં. પ્રેસિડેન્શિયલ રેફરન્સ અંગેની સુનાવણી ૧૦ સપ્ટેમ્બરે પૂર્ણ થવાની શક્યતા છે. કોર્ટ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઉઠાવેલા ૧૪ પ્રશ્નોની ચકાસણી કરી રહી છે.

### નુકસાન માટે સરકાર વળતર ચૂકવશે

# મુખ્યમંત્રી પટેલ બનાસકાંઠા પુરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેશે

## હાલ સુધીમાં પૂર વિસ્તારમાં ૩૧૪૮ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગર : બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદને કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક ગામડાં પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને ખેતરોમાં ઊભો પાક તબાહીનો શિકાર થયો છે. આવી સ્થિતિમાં આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ખુદ બનાસકાંઠાની મુલાકાત લઈને પરિસ્થિતિનો તાગ લેશે અને સ્થળ પર રાહતકાર્યની સમીક્ષા કરશે.વરસાદથી સર્જાયેલી ભારે તારાજી

બનાસકાંઠાના સરહદી વિસ્તાર સુઈગામ સહિતના અનેક ગામોમાં હાલત વધુ જ ગંભીર છે. પાણી ઊતરવાનું નામ નથી લેતું અને ગ્રામજનો મુશ્કેલીમાં જીવી રહ્યા છે. અનેક ખેતરોમાં પાક નાશ પામ્યો છે, જ્યારે ઘરોમાં પાણી ઘૂસી જતાં સામાન્ય જીવન પ્રભાવિત થયું છે. ચાર દિવસથી વરસાદ ચાલુ રહેતા સ્થાનિક લોકોની મુશ્કેલી વધી રહી છે.

વિધાનસભાના ચોમાસા સત્રના અંતિમ દિવસે આ મુદ્દે ખાસ ચર્ચા થઈ હતી. રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, "હવામાન વિભાગની ભારે વરસાદની આગાહી બાદ સરકાર તરત સતર્ક બની ગઈ હતી. ત્રણ કરોડ જેટલા લોકોને એસએમએસ મોકલીને અગાઉથી ચેતવણી આપવામાં આવી હતી. ગાંધીનગર સ્થિત સ્ટેટ કંટ્રોલ રૂમ પરથી મુખ્યમંત્રી પોતે પરિસ્થિતિની સતત માહિતી મેળવી રહ્યા હતા."

તેમણે વધુમાં ઉમેર્યું કે બનાસકાંઠામાં રાહત અને બચાવ માટે પૂરતી તાકાત સાથે તંત્ર તૈનાત છે. પાંચ અધિકારીઓની ખાસ નિમણૂક કરાઈ છે. ઉપરાંત, **SDRF** અને **NDRF**ની ટીમોને પણ જિલ્લામાં મોકલવામાં આવી છે.

સરકારના જણાવ્યા મુજબ, બનાસકાંઠામાં અત્યાર સુધીમાં ૧૭ પુરૂષો અને ૫ સ્ત્રીઓનું સફળ રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. સાથે જ ૩૧૪૮ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. લોકજીવનને સુરક્ષિત રાખવા માટે તંત્ર સતત કાર્યરત છે અને વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં જરૂરી મદદ પહોંચાડવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ખેતરોમાં ઊભેલા પાક પાણીમાં ગરકાવ થઈને નાશ પામ્યા છે. આ અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ કર્યું કે, "પાક નુકસાનનું સંપૂર્ણ વળતર ખેડૂતોને આપવામાં આવશે. સાથે કેશ ડોલ થકી પણ વળતર ચૂકવવામાં આવશે."

આ મુદ્દે કોંગ્રેસ તરફથી પણ સરકારને ઘેરવાનો પ્રયાસ થયો હતો. દંડક કિરીટ પટેલે ખેડૂતોને થયેલા નુકસાન અને પુરપરિસ્થિતિ પર વિધાનસભામાં ચર્ચા કરવાની અરજી કરી હતી. જો કે, આ અરજી સ્વીકારવામાં આવી નહોતી. બનાસકાંઠામાં સર્જાયેલી પુર જેવી સ્થિતિએ સરકારને ચિંતિત કરી છે. મુખ્યમંત્રી આવતીકાલે મુલાકાત લઈ જાતે જ સ્થિતિની સમીક્ષા કરશે. હાલ રાહત અને બચાવ કામગીરી સતત ચાલી રહી છે, જ્યારે ખેડૂતોને થયેલા નુકસાનની ભરપાઈ માટે સરકાર વળતર આપશે તેવી ખાતરી અપાઈ છે.

### અમદાવાદમાં પણ રોગચાળાએ માથું ઉંચક્યું છે

# ચોમાસા બાદ શહેરમાં રોગચાળામાં ધરખમ વધારો

## જો છેલ્લા બે દિવસના રોગચાળાના આંકડાની વાત કરીએ તો ડેન્ગ્યુના ૨૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે

અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં આ વર્ષે મેઘરાજા મન મુકીને વરસ્યા છે અને રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. ત્યારે વડોદરામાં પણ સિઝનમાં મેઘો મુશળધાર વરસ્યો છે. જો કે વરસાદના પાણી ઓસર્યા બાદ હવે શહેરમાં રોગચાળો પણ વકર્યો છે. છેલ્લા ૪૮ કલાકમાં રોગચાળાએ માઝા મૂકી છે. જો છેલ્લા બે દિવસના રોગચાળાના આંકડાની વાત કરીએ તો ડેન્ગ્યુના ૨૧૫ શંકાસ્પદ કેસ નોંધાયા છે તો ચિકનગુનિયાના ૬૪ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

જયારે મેલેરિયાના ૨,૧૯૪ શંકાસ્પદ કેસ, ટાઈફોઈડના ૬૨ શંકાસ્પદ કેસ નોંધાયા છે. બે દિવસમાં ટાઈફોઈડ, ચિકનગુનિયા અને મેલેરિયાના કેસોએ માથું ઉંચક્યું છે. દર્દીઓએ પણ કહ્યું કે ઠેર ઠેર લોકો બિમાર છે અને આ આંકડા તો ફક્ત સરકારી હોસ્પિટલના જ છે, જો ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં આમાં ઉમેરવામાં આવે તો આંકડો બેથી ત્રણ ઘણો વધે તેવી સ્થિતિ છે. જો કે તંત્ર દ્વારા પણ શહેરમાં રોગચાળો વધુ ના વકરે તેના માટે વરસાદી પાણી ઓસર્યા બાદ અલગ-અલગ વિસ્તારોમાં દવાનો છંટકાવ કરવામાં આવ્યો છે.

બીજી તરફ અમદાવાદમાં પણ રોગચાળાએ માથું ઉંચક્યું છે. સ્વાઈન ફ્લૂનો એક કેસ પોઝિટિવ નોંધાયો છે. પોઝિટિવ દર્દીને સોલા સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. સોલા સિવિલમાં ડેન્ગ્યુના ૯૩ પોઝિટિવ દર્દી સારવાર લઈ રહ્યા છે. સોલા સિવિલમાં ઓપીડી ૧૫,૧૪૭એ પહોંચી છે.

### પંજાબ સરકારનો તાત્કાલિક મોટો નિર્ણય

# સ્વજનો ગુમાવનારાઓના પરિવારોને ૪ લાખ સહાય

## અસરગ્રસ્ત ખેડૂતને પ્રતિ એકર ૨૦,૦૦૦નું વળતર અપાશે

ચંદીગઢ, તા.૧૦

પંજાબમાં આવેલા પૂરે ખેડૂતોની મહેનત અને સપના પર પાણી ફેરવી દીધું છે. ત્યારે મુખ્યમંત્રી ભગવંત માને તાત્કાલિક એક મોટો નિર્ણય લીધો અને જાહેરાત કરી કે દરેક અસરગ્રસ્ત ખેડૂતને પ્રતિ એકર રૂપિયા ૨૦,૦૦૦નું વળતર આપવામાં આવશે. આ માત્ર પંજાબમાં જ નહીં પરંતુ સમગ્ર દેશમાં અત્યાર સુધીનું સૌથી મોટું વળતર છે. માન સરકારે માત્ર કાગળ પર નહીં પરંતુ ખેડૂતોના દુઃખને સમજીને આ પગલું ભર્યું છે. હરિયાણામાં ખેડૂતોને પ્રતિ એકર રૂપિયા ૧૫,૦૦૦ની મહત્તમ રાહત મળે છે, જ્યારે ગુજરાતમાં પ્રતિ એકર રૂપિયા ૮,૯૦૦, મધ્યપ્રદેશમાં પ્રતિ એકર રૂપિયા ૧૨,૯૫૦ અને ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં મોટાભાગે રૂપિયા ૫,૦૦૦-૭,૦૦૦ની રાહત મળે છે, ત્યારે પંજાબના ખેડૂતોને પ્રતિ એકર રૂપિયા ૨૦,૦૦૦ આપવાનો નિર્ણય ખેડૂતોની શક્તિ અને મહેનતને સલામ કરવા જેવો છે. માન સરકારે પૂરમાં જીવ ગુમાવનારાઓના પરિવારોને ૪ લાખની સહાય અને ખેતરોમાં જમા થયેલી રેતી વેચવાની મંજૂરી પણ આપી છે, જેથી ખેડૂતોને તાત્કાલિક રોકડ મળે અને આગામી વાવણીનો માર્ગ સરળ બને. આ પગલું સ્પષ્ટપણે દર્શાવે છે કે સરકાર ખેડૂતોની મુશ્કેલીઓ સમજે છે અને તેમને શક્ય તેટલી રાહત આપવા માંગે છે. આજે, જ્યારે પંજાબના ખેડૂતો પૂરથી તબાહ થયેલા ખેતરો અને તૂટેલા ઘરો વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે, ત્યારે સરકારનો આ નિર્ણય તેમના માટે આશાનું નવું કિરણ લાવ્યો છે. માન સરકારે સ્પષ્ટ કર્યું છે કે જો ખેડૂતો ડૂબી જશે, તો સમગ્ર અર્થતંત્ર ડૂબી જશે, તેથી પહેલા ખેડૂતોની સંભાળ રાખવી મહત્વપૂર્ણ છે.

### સરહદ પર ૮ કિમીનો લાંબો જામ લાગ્યો!

# નેપાળમાં Gen-Z વિરોધના લીધે ૨૫૦૦ ભારતીય પ્રવાસીઓ અટવાયા

## પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી

કાઠમંડુ, તા.૧૦

નેપાળમાં બે દિવસના આંદોલનને કારણે ભૈરહવાનું ગૌતમ બુદ્ધ ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યું છે. આ કારણે સેંકડો ભારતીય પ્રવાસી નેપાળમાં અટવાઈ ગયા છે. પોખરા અને કાઠમંડુમાં ઘણી હોટલો ભારતીય પ્રવાસીઓથી ભરેલી છે, જે ટ્રાફિક અને કર્ફ્યુને કારણે ભારત પાછા ફરી શકતા નથી. આ દરમિયાન નેપાળના કસ્ટમ્સ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર લગભગ આઠ કિલોમીટર લાંબો જામ છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોખરામાં લગભગ ૮૦૦ ભારતીય પ્રવાસીઓ ફસાયેલા છે, જયારે કાઠમંડુમાં આ સંખ્યા ૨૦૦૦ની નજીક છે. હોટલ માલિકોએ ભારતીય પ્રવાસીઓની યાદી પણ વહીવટીતંત્રને સોંપી છે, જેથી તેમની સલામતી અને સરહદ સુધી સલામત પહોંચ સુનિશ્ચિત કરી શકાય. ભૈરહવા એરપોર્ટ બંધ થવાથી નેપાળમાં ફસાયેલા ભારતીયોના પરત ફરવામાં મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે, જ્યારે સરહદી વિસ્તારમાં વેપાર અને ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે. નેપાળ વહીવટીતંત્ર અને સુરક્ષા એજન્સીઓ સાથે મળીને મુસાફરોની સુરક્ષા જાળવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

પોખરા અને કાઠમંડુમાં ફસાયેલા પ્રવાસીઓનું કહેવું છે કે, કર્ફ્યુને કારણે તેઓ તેમની હોટલોમાંથી બહાર પણ નીકળી શકતા નથી. ભારતથી નેપાળ આવતા ટ્રાન્સપોર્ટરો પણ વેરહાઉસમાંથી પોતાનો માલ બહાર કાઢી શકતા નથી, જેના કારણે સ્ટોરેજની સમસ્યા સર્જાઈ છે. સોનાલી, નૌતનવા અને અન્ય ચેકપોઈન્ટ પર લગાવવામાં આવેલા **SSB** બેરિકેડને કારણે કડક ચેકિંગ પછી જ નેપાળી કાર્ગો અને રાહદારીઓની અવરજવર શક્ય છે. નેપાળમાં બગડતી રાજકીય અને સામાજિક પરિસ્થિતિને કારણે નેપાળ-ભારત સરહદ પર આવેલું બેલ્હિયા કસ્ટમ મંગળવારે થોડા કલાકો માટે ખુલ્લું હતું, પરંતુ પરિસ્થિતિ કફોડી બનતા તેને ફરીથી બંધ કરવામાં આવ્યું હતું. કસ્ટમ બંધ થવાને કારણે સોનાલી સરહદ પર કાર્ગો વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી, જે હવે આઠ કિમી સુધી લાંબી છે. આનાથી વેપારીઓની મુશ્કેલીમાં વધારો થયો છે, પરંતુ સામાન્ય લોકો અને પ્રવાસીઓ પણ પ્રભાવિત થઈ રહ્યા છે. નેપાળના મુખ્ય ભાગોમાં કર્ફ્યુ અને સુરક્ષા નાકાબંધીને કારણે સરહદી વિસ્તારમાં સુરક્ષા કડક કરવામાં આવી છે. કલમ ૧૪૪ પણ લાગુ છે. મંગળવારે સાંજે વિરોધીઓ સોનાલી સરહદને અડીને આવેલા બેલ્હિયા નેપાળ ગેટ પર પહોંચ્યા. બેલ્હિયા પોલીસ ચોકી પર ઈંટો ફેંકવામાં આવી. ઓલી "દેશ છોડો" જેવા નારા લગાવી રહ્યા હતા

### જૂનાગઢ આવેલા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું

# કોંગ્રેસ પાર્ટીની મુખ્ય ચિંતા બંધારણ-લોકશાહીને બચાવાની

## ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા તેના નવનિયુક્ત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું જૂનાગઢ ખાતે આયોજન

જૂનાગઢ, તા.૧૦

ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા તેના નવનિયુક્ત પ્રમુખોને પ્રશિક્ષણ આપવા માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર જૂનાગઢની ભવનાથ તળેટીમાં આવેલા પ્રેરણાધામ આશ્રમમાં ૧૦ સપ્ટેમ્બરથી ૧૯ સપ્ટેમ્બર સુધી ચાલશે. જેમાં આજે (૧૦ સપ્ટેમ્બર) કોંગ્રેસની શિબિરનું રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગેના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું છે. આ દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી પર નિશાનો સાધ્યો હતો. શિબિરને સંબોધિત કરતાં ખડગેએ નામ લીધા વગર કહ્યું કે, એ બંને લોકતંત્રને બચાવવા ઈચ્છતા નથી. અમારી પાર્ટીની મુખ્ય ચિંતા બંધારણ અને લોકતંત્રને બચાવાની છે. તેમણે આરોપ લગાવ્યો કે, સત્તામાં બેઠેલા લોકો આ સંસ્થાઓની રક્ષા માટે કામ નથી કરી રહ્યા. કોંગ્રેસ પાર્ટીના જિલ્લા અને નવગર અધ્યક્ષોને લઈને જૂનાગઢમાં ૧૦ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે શિબિરના ઉદ્ઘાટન પહેલા ખડગે સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે, લોકતંત્રમાં ચૂંટણી લડવી સામાન્ય વાત છે. જ્યારે ખડગેએ તેમના સંબોધનમાં કહ્યું કે, ગુજરાત એ ભૂમિ છે, જ્યાં મહાત્મા ગાંધી અને વલ્લભભાઈ પટેલ જેવા લોકોના જન્મ થયો અને દેશને આઝાદી અપાવવા માટે કામ કર્યું. તેઓ સમ્માનને પાત્ર છે, કારણે કે તેમનાથી જ આજે દેશ સ્વતંત્ર અને એકજુથ છે. ખડગેના નિવેદનમાં ઈન્ડિયા એલાયન્સના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીની મોટી હારની પીડા પ્રતિબિંબિત થઈ હતી. દ્રહ્છએ ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી ૧૫૨ મતોથી જીતી છે, કારણ કે કોંગ્રેસના રણનીતિકારોએ માહોલ વધુ મુશ્કેલ હોવાની અપેક્ષા રાખી હતી, પરંતુ એવું થયું નહીં.

તમને જણાવી દઈએ કે, કોંગ્રેસના સંગઠન સૃજન અભિયાન હેઠળ જૂનાગઢમાં આજે (૧૦ સપ્ટેમ્બર)થી ૧૯ સપ્ટેમ્બર સુધી ૧૦ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાહુલ ગાંધી પણ હાજરી આપશે. આ વર્ષે ગુજરાતમાં આયોજિત થનારું પાર્ટીનું આ બીજું પ્રશિક્ષણ શિબિર છે. જેમાં પહેલું પ્રશિક્ષણ શિબિર ગત જુલાઈ મહિનામાં આણંદમાં આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં રાહુલ ગાંધીએ જિલ્લાના નવનિયુક્ત અધ્યક્ષોને સંબોધિત કર્યા હતા અને સહકારી ડેરી સંઘના સદસ્યો સાથે વાતચીત કરી હતી. આ પ્રશિક્ષણ શિબિરોનું આયોજન ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને અને પાર્ટીના મિશન ૨૦૨૭ માટે બ્લુપ્રિન્ટ તૈયાર કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસે તાજેતરમાં ૨૦૨૭ની રાજ્ય વિધાનસભા ચૂંટણી પહેલા જિલ્લા સ્તરે પાર્ટીના સંગઠનને મજબૂત બનાવવા માટે તમામ જિલ્લા કોંગ્રેસ સમિતિઓના નવા પ્રમુખોની નિમણૂક કરી છે. આ તાલીમ શિબિરના સમાપન સમારોહમાં રાહુલ ગાંધી હાજરી આપે તેવી શક્યતા છે.

### હવે જર્મની નવી પસંદ

# અમેરિકા બાદ કેનેડાનો ભારતને ઝટકો, ૮૦% સ્ટુડન્ટ વિઝા ફગાવ્યા

## એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ નકારાઈ : ભારતીય વિદ્યાર્થીઓ વધુ પ્રભાવિત

નવી દિલ્હી, તા.૧૦

અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા ભારતીય પ્રવાસી વિદ્યાર્થીઓ અને **H-1B** વિઝા ધારકો પર તાજેતરમાં લેવાયેલા કડક પગલાં બાદ હવે તેના પાડોશી દેશ કેનેડાએ પણ ભારતને મોટો ઝટકો આપ્યો છે. કેનેડાએ ૨૦૨૫માં ૮૦ ટકા ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ રદ કરી હોવાનો ખુલાસો થયો છે.

ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા **(RCC)**ના અહેવાલ અનુસાર, કેનેડાએ ૨૦૨૫માં ૮૦% ભારતીય વિદ્યાર્થીઓની વિઝા અરજીઓ નકારી કાઢી હતી, જે એક દાયકામાં સૌથી વધુ છે. માહિતી અનુસાર, એશિયા અને આફ્રિકાના અન્ય દેશોના અરજદારોની વિઝા અરજીઓ પણ નકારી કાઢવામાં આવી છે પરંતુ ભારતીય વિદ્યાર્થીઓ સૌથી વધુ પ્રભાવિત થયા છે. કેનેડાના આ પગલાથી ત્યાંની કૉલેજોમાં નોંધણી પર પણ અસર પડી છે. કેનેડિયન સરકારના ડેટા અનુસાર, ૨૦૨૪માં કેનેડાએ ફક્ત ૧.૮૮ લાખ નવા ભારતીય વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો હતો, જ્યારે બે વર્ષ પહેલા સુધી આ સંખ્યા બમણાથી વધુ હતી.

કેનેડા અને અમેરિકા ભારતીય વિદ્યાર્થીઓ માટે લોકપ્રિય દેશો હતા જ્યાં લાંબા સમયથી ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે હવે સંઘર્ષ કરવો પડી રહ્યો છે. પરંતુ આ બંને દેશોના ખરાબ વર્તન અને ભારતીય વિદ્યાર્થીઓ પ્રત્યેના તેમના ઉદાસીન વલણને કારણે ભારતીય વિદ્યાર્થીઓનો ટ્રેન્ડ હવે જર્મની તરફ વળી ગયો છે. જર્મની ટોચના પ્રિય દેશ તરીકે ઉભરી આવ્યું છે. આને કારણે, કેનેડા હવે ફક્ત ૯ ટકા વિદ્યાર્થીઓની પહેલી પસંદગી છે.

કેનેડા ભારત સહિત વિશ્વભરના દેશોના વિદ્યાર્થીઓ માટે તેના દરવાજા બંધ કરી રહ્યું છે, કારણ કે ત્યાં રહેણાંક સુવિધાઓનો ભારે અભાવ છે. આ ઉપરાંત, માળખાગત સુવિધાઓ પર દબાણ વધી રહ્યું છે. સ્થાનિક રાજકારણને કારણે કેનેડાને પણ આવી કાર્યવાહી કરવાની ફરજ પડી છે.

કેનેડાએ હવે વિદ્યાર્થીઓને વિઝા આપવા માટેના તેના નિયમોમાં ફેરફાર કર્યો છે અને કહ્યું છે કે વિઝા માટે અરજી કરતાં વિદ્યાર્થીઓએ પહેલા કરતાં વધુ નાણાકીય જવાબદારીઓ પૂર્ણ કરવી પડશે. એટલે કે, હવે તેમને ૨૦,૦૦૦ કેનેડિયન ડૉલરના કાગળો બતાવવા પડશે. આ ઉપરાંત, વિગતવાર અભ્યાસ યોજના અને ભાષા પરીક્ષાના પરિણામો સબમિટ કરવાના રહેશે.

### શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા આદેશ

# અસમની હેમંત બિસ્વા સરકારનું વિદેશી નાગરિકોને અલ્ટીમેટમ

## અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)ને આખરે મંજૂરી આપી દીધી છે

દીસપુર, તા.૧૦

અસમની હેમંત બિસ્વા સરમા સરકારે શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવાનો આદેશ આપ્યો છે. અસમ કેબિનેટે પ્રવાસી (અસમમાંથી હકાલપટ્ટી) અધિનિયમ, ૧૯૫૦ હેઠળ એક સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર **(SOP)**ને મંજૂરી આપી છે, જે મુજબ જિલ્લા કમિશનરો ૧૦ દિવસની નોટિસ આપશે. જો કોઈ વ્યક્તિ આ સમયમાં નાગરિકતા સાબિત ન કરી શકે, તો તેની હકાલપટ્ટી કરવાનો આદેશ આપવામાં આવશે.

મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, નવી **SOP** હેઠળ, જિલ્લા કમિશનરોને શંકાસ્પદ વિદેશીઓને ૧૦ દિવસમાં પોતાની નાગરિકતા સાબિત કરવા માટે નોટિસ આપવાનો અધિકાર મળશે. જો તેઓ નિષ્ફળ જશે, તો જિલ્લા ઉપાયુક્ત હકાલપટ્ટીનો આદેશ જારી કરી શકશે. હવે આવા કેસ વિદેશી ટ્રિબ્યુનલને બદલે સીધા જિલ્લા ઉપાયુક્તો પાસે જશે. આ વર્ષે જૂનમાં મુખ્યમંત્રી સરમાએ વિધાનસભામાં જાહેરાત કરી હતી કે અસમ સરકાર **IEAA** ૧૯૫૦ લાગુ કરશે. તેમણે સુપ્રીમ કોર્ટના ઓક્ટોબર ૨૦૨૪ના નિર્ણયનો હવાલો આપ્યો હતો, જે મુજબ ૨૪ માર્ચ, ૧૯૭૧ પછી અસમમાં પ્રવેશ કરનારાઓને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ ગણવામાં આવશે.

**SOP** લાગુ થવાથી વિદેશી ટ્રિબ્યુનલોની ભૂમિકા ઘટી જશે. મુખ્યમંત્રી સરમાએ જણાવ્યું કે, જો કોઈ વ્યક્તિ વિદેશી હોવાનું જણાશે, તો ઉપાયુક્ત ૧૦ દિવસમાં નાગરિકતા સાબિત કરવા નોટિસ આપશે. જો વ્યક્તિ નિષ્ફળ જશે, તો ઉપાયુક્ત તરત જ હકાલપટ્ટીનો આદેશ આપી તેને અટકાયત કેન્દ્રમાં મોકલશે, જ્યાંથી **BSF** તેને બાંગ્લાદેશ કે પાકિસ્તાન મોકલી દેશે. રાજ્ય સરકારે વિદેશી ટ્રિબ્યુનલોને બાજુ પર રાખીને ગૂંચવણભર્યા કેસો જ ટ્રિબ્યુનલમાં મોકલવાનો નિર્ણય કર્યો છે, જ્યાં જિલ્લા મેજિસ્ટ્રેટ નિર્ણય ન લઈ શકે. આ **IEAA** ૧૯૫૦ કાયદો જવાહરલાલ નહેરુ સરકારે પૂર્વ પાકિસ્તાનથી સ્થળાંતર રોકવા માટે બનાવ્યો હતો. આ અધિનિયમમાં કહેવામાં આવ્યું હતું કે જો કેન્દ્ર સરકારના મતે કોઈ વ્યક્તિનું (જે સામાન્ય રીતે ભારતના બહારના કોઈ સ્થળનો નિવાસી છે અને અધિનિયમ લાગુ થવા પહેલાં કે પછી અસમ આવ્યો છે) રાજ્યમાં રહેવું ભારતની સામાન્ય જનતા કે તેના કોઈ વર્ગ કે અસમમાં કોઈ અનુસૂચિત જનજાતિના હિતો માટે હાનિકારક છે, તો તે આવી વ્યક્તિને નિર્દિષ્ટ સમયમર્યાદાની અંદર અસમ કે ભારતમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્દેશ આપી શકે છે. જોકે, ૧ માર્ચ, ૧૯૫૦ના રોજ લાગુ થયાના એક મહિના પછી જ નહેરુએ અસમના તત્કાલીન સીએમ ગોપીનાથ બારદોલોઈને લિયાકત-નહેરુ સમજૂતીના આલોકમાં આના પર રોક લગાવવાના નિર્દેશ આપ્યા હતા. ત્યારથી આ એક્ટ ઉપયોગમાં નથી.

### જગદીપ ધનખડની પ્રથમ પ્રતિક્રિયા વાઇરલ

# એનડીએ ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનની જીત પર ધનખડે ખુશી વ્યક્ત કરી

**જગદીપ ધનખડે કહ્યું કે, સી.પી રાધાકૃષ્ણનના અનુભવોથી ઉપરાષ્ટ્રપતિ પદની ગરિમા વધી જશે**

નવી દિલ્હી, તા.૧૦

મંગળવારે (૯ સપ્ટેમ્બર) ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામ સામે આવ્યા હતા. NDA ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મતોની જીત હાંસલ કરી છે. આ જીત પર પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પણ ખુશી વ્યક્ત કરી હતી.

જગદીપ ધનખડે કહ્યું કે, સી.પી રાધાકૃષ્ણનના અનુભવોથી ઉપરાષ્ટ્રપતિ પદની ગરિમા વધી જશે. નોંધનીય છે કે, રાજીનામાં બાદ જગદીપ ધનખડનું આ પહેલું સાર્વજનિક નિવેદન છે.

મંગળવારે સાંજે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીના પરિવામ સામે આવ્યા, જેમાં દ્રદ્ધછના ઉમેદવાર સી.પી રાધાકૃષ્ણનને ૪૫૨ મત મળ્યા હતા. વળી, વિપક્ષના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ ૩૦૦ વોટ મેળવ્યા હતા.

આ જીત પર પ્રતિક્રિયા આપતાં જગદીપ ધનખડે કહ્યું કે, ઉપરાષ્ટ્રપતિ પદ પર સી. પી રાધાકૃષ્ણનની જીત જનતા દ્વારા પસંદ કરવામાં આવેલા પ્રતિનિધિઓનો તમારા પર વિશ્વાસ અને આત્મવિશ્વાસ દર્શાવે છે. તમારો જાહેર જીવનનો ઘણો અનુભવ રહ્યો છે. તમારા નેતૃત્વમાં આ પદ (ઉપરાષ્ટ્રપતિ)ની ગરિમા વધી જશે.

નોંધનીય છે કે, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે ૨૧ જુલાઈએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ધનખડે તેનું કારણ સ્વાસ્થ્યને લગતાં કારણો જણાવ્યા હતા. વળી, રાજીનામા બાદથી ધનખડે કોઈ નિવેદન આપ્યું નહતું, આ સિવાય તે જાહેર જીવનથી પણ દૂર થઈ ગયા હતા.

### મહિલાઓ પણ રાત્રે કરી શકશે ૧૨ કલાકની નોકરી

# કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક-૨૦૨૫ વિધાનસભા ગૃહમાં પસાર થયું

**મહિલા કામદારોને રાત્રી પાળીમાં તેમની સંમતિથી અને સંપૂર્ણ સલામત વાતાવરણમાં કામ કરવાની કાયદેસરની તક પ્રાપ્ત થશે**

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે, કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ મંજૂર કરવામાં આવ્યું હતું. આ વિધેયક રજૂ કરતા શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ૧૯૪૮માં અમલમાં આવેલા મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હતી, પરંતુ આ સુધારા વિધેયકમા દૈનિક કામના કલાકો તથા ઓવરટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રીપાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઇ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે. શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપુતે વિધાનસભા ગૃહમાં કારખાના ધારા (ગુજરાત સુધારા) વિધેયક ૨૦૨૫ રજુ કરતા કહ્યું હતું કે, રાજ્યમાં આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપવા, રાષ્ટ્રીય હિતમાં નવા ઔદ્યોગિક એકમોમાં રોકાણ આકર્ષવું અને રાજ્યમાં વધુ રોજગારી ઉભી કરવા માટે કારખાનાઓને યોગ્ય રાહતો આપવાની સાથે-સાથે શ્રમિકોના હિતનું રક્ષણ કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, કારખાના ધારો કેન્દ્ર સરકારનો કાયદો છે. તેમાં મળેલ સત્તાઓ અનુસંધાને રાષ્ટ્રપતિની અનુમતિથી રાજ્ય સરકારો પોતાના રાજ્યને લાયક જરૂરી સુધારા કરી શકે છે અને તે સત્તા હેઠળ ખાસ કારખાના જૂથને અથવા વર્ગને દૈનિક કામના કલાકો તથા ઓવરટાઈમના કલાકોની સંખ્યામાં ફેરફાર કરવાની અને રાત્રીપાળીમાં મહિલા શ્રમયોગીઓને કામે રાખવાની પરવાનગી આપવાની સત્તા ગુજરાત સરકારને પ્રાપ્ત થાય તેવી જોગવાઇ કરવાનો આ વિધેયકનો મુખ્ય ઉદ્દેશ છે.

બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં સરકારને જરૂરી લાગે તેવી શરતો-ખાસ કરીને મહિલા શ્રમયોગીઓની સલામતી અને સ્વાસ્થ્ય સંબંધી શરતોને ધ્યાને રાખીને આ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરીને જ આવી મંજૂરી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આપશે તેવી જોગવાઇ આ વિધેયકમાં કરવામાં આવી છે.

હાલની જોગવાઈ મુજબ મહિલા શ્રમયોગીઓ પાસેથી સવારના ૬ થી સાંજના ૭ વાગ્યા સિવાયના કલાકોમાં કામ લઇ શકાતુ નથી. આ કલમ હેઠળની અન્ય જોગવાઇ મુજબ, ઉક્ત સમયગાળા સિવાયના કલાકોમાં મહિલા શ્રમયોગીઓ પાસેથી કામ કરાવવા અંગે રાજ્ય સરકાર સરકારી રાજપત્રમાં જાહેરનામુ બહાર પાડીને મંજુરી આપી શકે છે. વળી, રાત્રીના ૧૦ થી સવારના ૫ કલાકના સમયગાળા દરમ્યાન મહિલા શ્રમયોગીઓને કામે રાખી શકાય નહિ તેવી સ્પષ્ટતા પણ મંત્રી ગૃહમાં કરી હતી.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કારખાના ધારા, ૧૯૪૮માં મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં કામે રાખવાની જોગવાઈ ન હોવા છતાં મહિલા શ્રમયોગીઓને સમાનતા, સ્વતંત્રતા, વ્યવસાય કરવાના અને આર્થિક ઉપાર્જન કરવાના બંધારણીય અધિકારને ધ્યાને લઈને ગુજરાત ન્યાયાલય દ્વારા આપવામાં આવેલ નિર્દેશોને કાયદાકીય સ્વરૂપ આપવા માટે પ્રસ્તાવિત વિધેયકમાં ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, આ વિધેયકમાં જે કંઇ જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં સૌથી મહત્વની જોગવાઇ એ છે કે હવે મહિલા કામદારોને રાત્રી પાળીમાં તેમની સંમતિથી અને સંપૂર્ણ સલામત વાતાવરણમાં કામ કરવાની કાયદેસરની તક પ્રાપ્ત થશે.

વડાપ્રધાનશ્રીએ ''બેટી બચાઓ, બેટી પઢાઓ''નું સુત્ર આપ્યું. છે. ''બેટી પઢાઓ'' પછી ''બેટી આગે બઢાઓ'' એટલે કે ભણેલ ગણેલ અને કૌશલ્ય પ્રાપ્ત કરેલ બહેનો-દિકરીઓને રોજગારીની વધુને વધુ તક આપવામાં આવે, તેઓ આર્થિક કમાણી કરી શકે અને પગભર થઇ સ્વમાનભેર જીવી શકે તે માટે ૧૬ જેટલી શરતોએ મંજૂરી આપવા અંગેની જોગવાઇ પણ આ વિધેયકમાં કરવામાં આવી છે. રાત્રી પાળીમાં સ્વેચ્છાએ કામ કરતી મહિલા શ્રમિકોને તેના ઘર-કુટુંબ માટે દિવસ દરમિયાન સમય મળી રહેશે. આમ તે ''ગૃહીણી'' ની સાથે-સાથે ''ગૃહલક્ષ્મી''ની ભૂમિકા પણ અસરકારક રીતે ભજવી શકશે તેમ તેમણે ઉમેર્યુ હતું. તેમણે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, અત્યાર સુધી રોજના ૯ કલાક લેખે અઠવાડીયામાં મહત્તમ ૪૮ કલાક કામ લેવાની કારખાના ધારામાં જોગવાઇ છે અને તેના કરતા વધારે સમય કામ કરે તો એટલે કે ઓવરટાઇમ કરે તો કામદારને ઓવરટાઇમ મળવાપાત્ર થાય છે. હવે રાજ્યમાં એવા ઘણા ઉદ્યોગો આવી રહ્યા છે કે જેઓને તેમની ઉત્પાદન પ્રક્રિયા સતત ચાલુ રાખવી પડતી હોય છે અને તો જ તેઓ તેમના ઉત્પાદનમાં પ્રોસેસ કે માલસામાન સંબંધી કોઇ નુકસાન વગર સારી રીતે ઉત્પાદન કરી શકે. આવા સંજોગોમાં વારંવાર શીફ્ટ બદલવાથી તેઓને ઉત્પાદનમાં કે ઉત્પાદનની ગુણવત્તામાં નુકસાન જાય એમ છે. પરંતુ જો કામદાર તેની પોતાની સંમતિથી અને રિસેસ વગેરે ભોગવવા સાથે જો ૧૨ કલાક કામ કરવાની તૈયારી બતાવે તો તેવા કામદારોને કામે રાખીને આવા ખાસ ઉદ્યોગ પોતાની ઉત્પાદન પ્રક્રિયા સરળતાથી કરી શકે અને તે સામે કામદારોને તેમના કામનું પૂરતું વળતર મળી રહે. આ માટે વિધેયકમાં જોગવાઇ થયા પ્રમાણે રાજ્ય સરકાર જાહેરનામાથી રિશેસ સાથે રોજના ૧૨ કલાક પરંતુ અઠવાડીયામાં માત્ર ૪૮ કલાક જ કામ કરવા માટે મંજૂરી આપી શકશે તેમ બલવંતસિહ રાજપૂતે ઉમેર્યુ હતું.

### ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી

# કેન્દ્ર દ્વારા ૪ લેન હાઈવે અને ડબલ ટ્રેક રેલ લાઈનની મંજૂરી

**૩,૧૬૯ કરોડના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૧૦

ચૂંટણી પહેલા મોદી સરકારે બિહારને લ્હાણી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે બિહાર અને પાડોસી રાજ્યોમાં કનેક્ટિવિટી અને આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે ૭,૬૧૬ કરોડ રૂપિયાના બે મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. આ મંજૂરીઓ સાથે જ મોદી સરકાર બિહારને અત્યાર સુધીમાં ૧૧ લાખ કરોડ રૂપિયાના પ્રસ્તાવોને મંજૂરી આપી ચૂકી છે.

મોદી કેબિનેટની બેઠકમાંલેવાયેલા નિર્ણયોની બ્રીફિંગ કરતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ૩,૧૬૯ કરોડ રૂપિયાના ખર્ચે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈનને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ૪,૪૪૭ કરોડ રૂપિયાના ખર્ચથી બકસર-ભાગલપુર હાઈ-સ્પીડ કોરિડોરના ફોર-લેનને મોકામા-મુંગેર ખંડના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, આ બકસરથી ભાગલપુર કોરિડોરનો એક ખંડ છે. તેનું રોકાણ રૂ. ૪,૪૪૭ કરોડનું હશે. આ દક્ષિણ બિહારનો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે. મોકામાથી મુંગેર સુધી તેની લંબાઈ ૮૨ કિલોમીટર છે. આ પ્રોજેક્ટના કારણે લગભગ ૧ કલાકનો સમય બચશે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ કે, કેબિનેટે ભાગલપુર-દુમકા-રામપુરહાટ ડબલ ટ્રેક રેલ લાઈન સેક્શન (૧૭૭ કિમી) ને મંજૂરી આપી છે, જેનો કુલ ખર્ચ ૩,૧૬૯ કરોડ રૂપિયા છે. આ બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળને જોડતો એક મહત્વપૂર્ણ પ્રોજેક્ટ છે.

અશ્વિની વૈષ્ણવે આગળ કહ્યું કે, આઝાદી પછી રેલવે કાર્ગો સતત ઘટી રહ્યો હતો. ૨૭ ટકાના નીચા સ્તરે પહોંચ્યા પછી હવે તેમાં વધારો થવા લાગ્યો છે. હવે મોડલ શેર લગભગ ૨૯ ટકા સુધી પહોંચી ગયો છે. વડાપ્રધાનના ત્રીજા કાર્યકાળમાં મંજૂર કરાયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કુલ સંખ્યા લગભગ ૧૧ લાખ કરોડ રૂપિયા છે, જે એક મહત્વપૂર્ણ પરિવર્તન છે. આનાથી રોજગાર વધી રહ્યો છે અને લોકોના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. બિહારમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. તેપહેલાં આવી જાહેરાતો અંગે એક ન્યૂઝ ચેનલ દ્વારા પૂછવામાં આવેલા સવાલના જવાબમાં કેન્દ્રીય મંત્રીએ ૧૨થી વધુ પ્રોજેક્ટ્સનું પ્રેઝન્ટેશન આપ્યું અને જણાવ્યું કે જે રાજ્યોમાં ચૂંટણી નથી ત્યાં પણ પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે.

### રાહુલ દ્રવિડ પછી આ દિગ્ગજે પણ છોડ્યો ટીમનો સાથ

# રાજસ્થાન રોયલ્સના સીઈઓ જેક લશ મેકક્રમ પણ ટીમથી અલગ થઈ ગયા

નવી દિલ્હી, તા.૧૦

રાજસ્થાન રોયલ્સને એક બાદ એક દિગ્ગજો છોડી રહ્યા છે. સંજુ સેમસનના ટીમ છોડવાના સમાચાર વચ્ચે કોચ રાહુલ દ્રવિડે રાજીનામું આપ્યું હતું અને હવે વધુ એક દિગ્ગજે ટીમનો સાથ છોડ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. ટીમના સીઈઓ જેક લશ મેકક્રમ પણ ટીમથી અલગ થઈ ગયા છે. આ મોટા ફેરફારોથી ટીમની આગામી આઈપીએલ સીઝન પહેલા સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. તો સેમસનનો મામલો હજુ ઉકેલાયો નથી. આ બધું ત્યારે શરૂ થયું જ્યારે મીડિયામાં અહેવાલો આવ્યા કે સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સને આઈપીએલ ૨૦૨૬ સીઝન માટે તેને મુક્ત કરવા અથવા ટ્રેડ કરવા માંગે છે. જ્યારે આ અફવાઓએ વેગ પકડ્યો, ત્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે સેમસનમાં ઊંડો રસ દાખવ્યો હોવાના અહેવાલો પણ આવ્યા. જો કે, મામલો ઠંડોમાં પડ્યો તો દ્રવિડે થોડા દિવસો પછી ટીમ છોડી દીધી. રોયલ્સ દ્વારા આ જાહેરાત જાહેરમાં કરવામાં આવી. માર્કેટિંગ હેડ દ્વિજેન્દ્ર પરાશર ગઈ IPL સીઝન પછી ટીમથી અલગ થઈ ગયા હતા. હવે CEO જેક લશ મેકક્રમે પણ ટીમ સાથે સંબંધો તોડી નાખ્યા છે.

ક્રિકબઝના અહેવાલ મુજબ, મેકક્રમે અન્ય IPL ફ્રેન્ચાઈઝીઓ અને ઉદ્યોગના સાથીદારોને તેમના નિર્ણય વિશે જાણ કરી છે. મેકક્રમ રોયલ્સમાં જુનિયર ભૂમિકામાં જોડાયા, પછી ઓપરેશન્સ વિભાગમાં ગયા અને ૨૦૨૧ સુધીમાં માત્ર ૨૮ વર્ષની ઉંમરે CEO બન્યા. અહેવાલમાં જણાવાયું છે કે તેમને ઓક્ટોબર સુધીમાં તેમની ભૂમિકામાંથી મુક્ત કરવામાં આવશે.

### ગેંગસ્ટરની સ્ટોરી આધારિત ફિલ્મનું આ મહિનાના અંત સુધીમાં શૂટિંગ શરૂ થશે

# દિશા 'આવારાપન ૨'માં ઇમરાન હાશ્મી સાથે જોડી જમાવશે

**૨૦૦૭માં, મોહિત સુરી અને ઇમરાન હાશ્મીએ મુકેશ ભટ્ટ દ્વારા પ્રોડ્યુસ થયેલી 'ગેંગસ્ટર' આધારિત ફિલ્મ 'આવારાપન'માં સાથે કામ કર્યું હતુ**

મુંબઈ, તા.૧૦

ઈમરાન હાશ્મીની 'આવારાપન' ફિલ્મ તેના ગીતોને કારણે ઘણી વખણાઈ હતી. જેમાં ઈમરાન હાશ્મીએ એક ગેંગસ્ટરનો રોલ કર્યો હતો. હવે તેની સિક્વલ પર પણ કામ શરૂ થઈ ચૂક્યું છે. આવારાપનની જેમ, આ સિક્વલ પણ ઈમરાન હાશ્મી અને દિશા પટણી સાથેની એક ઈન્ટેન્સ લવસ્ટોરી છે, જેમાં ગેંગસ્ટર દુનિયાની વાત સાથે કર્ણપ્રિય સંગીત સાથે બની રહી છે. ૨૦૦૭માં, મોહિત સુરી અને ઈમરાન હાશ્મીએ મુકેશ ભટ્ટ દ્વારા પ્રોડ્યુસ થયેલી 'ગેંગસ્ટર' આધારિત ફિલ્મ 'આવારાપન'માં સાથે કામ કર્યું હતું. જોકે, આ ફિલ્મ બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી, છતાં ધીકે ધીરે આ ફિલ્મ સિનેમા રસિકોમાં એક કલ્ટ ફિલ્મ બની હતી. આ ફિલ્મનું સંગીત પણ ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. આજે આ ફિલ્મ મોહિત સુરીની ફિલ્મગ્રાફીની સૌથી દુ:ખદ લવસ્ટોરીમાંની એક માનવામાં આવે છે. વર્ષોથી મળેલા પ્રેમ અને પ્રશંસાને કારણે હવે 'આવારાપન'ની સિક્વલની જાહેરાત કરવામાં આવી છે, જેમાં ફરી વખત શિવમ પંડિત તરીકે ઈમરાન હાશ્મી જોવા મળશે. જોકે, આ ફિલ્મમાં મોહિત સુરીનું સ્થાન નીતિન કક્કડે લીધું છે. હવે એવા અહેવાલો પણ છે કે, મુકેશ ભટ્ટ અને નીતિન કક્કડે 'આવારાપન ૨'માં ઈમરાન હાશ્મી સાથે લીડ રોલ માટે દિશા પટણીને પસંદ કરી છે. સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર સ્ક્રિપ્ટ દિશા પટણી જેવી કોઈ એક્ટ્રેસને ધ્યાનમાં રાખીને જ લખવામાં આવી હતી. મહત્વની વાત એ છે કે, દિશાને પણ સ્ક્રિપ્ટ પહેલી જ વખતમાં ગમી ગઈ હતી. તેણે તરત જ આ ફિલ્મ માટે હા પાડી દીધી હતી. સૂત્રએ આગળ જણાવ્યું કે ફિલ્મની ટીમ હાલમાં તેના સંગીત પર કામ કરી રહી છે અને આ વખત તેમનો ઈરાદો પહેલી ફિલ્મ જેવા જ યાદગાર ગીતો આપવાનો છે. સાથે હાલ ઈન્ડસ્ટ્રીમાં એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મમાં પણ પહેલાંની ફિલ્મના સંગીતની પણ કેટલીક ઝલક જોવા મળશે. આ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરના અંત અથવા ઓક્ટોબરની શરૂઆતમાં શરૂ કરવાની ગણતરી છે, જ્યારે જાન્યુઆરી સુધીમાં શૂટિંગ પુરૂં કરવાની ગણતરી છે. આ ફિલ્મ ૨૦૨૬ના ઉનાળા વેકેશનમાં રિલીઝ થઈ શકે છે.

### સુરક્ષિત વાપસી માટે સરકારની કવાયત

# નેપાળમાં હિંસક પ્રદર્શન વચ્ચે ૫૦થી વધુ ગુજરાતી ફસાયા

**ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેપાળની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે**

ગાંધીનગર, તા.૧૦

નેપાળમાં અશાંતિ અને હિંસક વિરોધ પ્રદર્શનો વચ્ચે, ગુજરાત સરકારે ત્યાં ફસાયેલા તેના નાગરિકોની સુરક્ષા અંગે ગંભીર વલણ અપનાવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નેપાળની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને ત્યાં હાજર ગુજરાતી નાગરિકોની સલામતી અને સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નેપાળમાં અનેક ગુજરાતીઓ ફસાયા છે.પોખરામાં ભાવનગર જિલ્લાના ૪૩ લોકો ફસાયા છે, સુરતના ૧૦ પ્રવાસીઓ પણ કાઠમંડૂમાં ફસાયા છે. ભાવનગરના ૪૩ લોકો નેપાળની હોટલમાં સુરક્ષિત છે. સુરતના ૧૦ પ્રવાસીઓ પણ કાઠમંડ હોટલમાં સુરક્ષિત છે. ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં મોટી સંખ્યામાં ગુજરાતી નાગરિકો પર્યટન અને અન્ય કારણોસર નેપાળ ગયા હતા. રાજ્ય સરકાર તેમની સલામતી અને સુખાકારી અંગે સંપૂર્ણપણે સતર્ક છે. સરકાર તમામ ગુજરાતી નાગરિકોને સુરક્ષિત રીતે ગુજરાત પાછા લાવવાનો પ્રયાસ કરી રહી છે.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તાત્કાલિક નેપાળમાં બનેલી ઘટનાઓની નોંધ લીધી છે. ઘણા લોકો ફરવા માટે નેપાળ જાય છે, કેન્દ્ર સરકારનો સંપર્ક કર્યો છે, તે લોકોની વ્યવસ્થા અને સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી છે. કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, નેપાળમાં ફસાયેલા તમામ ભારતીયોને સુરક્ષિત સ્વદેશ લાવવા કાર્યરત છે.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, અમારો એકમાત્ર ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ ગુજરાતી કે ભારતીય નાગરિકને કોઈ સમસ્યા ન પડે. તેમના સુરક્ષિત પરત આવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસના નેતા શક્તિ સિંહ ગોહિલે, જે ગુજરાતના છે, દાવો કર્યો હતો કે ગુજરાતના ૧૮ લોકો નેપાળમાં ફસાયેલા છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું હતું કે, નેપાળના કાઠમંડુ એરપોર્ટ પર ફ્લાઈટ્સ રોકી દેવામાં આવી છે. આપણા ઘણા ભારતીયો ત્યાં ફસાયેલા છે. ગુજરાતના કેનન પટેલે ફોન પર જણાવ્યું હતું કે ૧૮ ગુજરાતીઓનું એક જૂથ પણ તેમની સાથે અટવાયું છે.

૨૬ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ અને ત્યારબાદ થયેલા જન આંદોલન, જેને ઘીહ-ઢ વિરોધ તરીકે ઓળખવામાં આવી રહ્યું છે, તેના કારણે ત્યાં અસ્થિરતાની સ્થિતિ છે. આ અશાંતિમાં ઓછામાં ઓછા ૧૯ લોકોના મોત અને સેંકડો ઘાયલ થયાના અહેવાલ છે, જેના કારણે નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ મંગળવારે રાજીનામું આપ્યું હતું.

### માત્ર ૩ કલાક જ વિદ્યાર્થીઓને ભણાવાશે!

# ૧૬ સપ્ટેમ્બરે ગુજરાતની શાળાઓના સમયમાં ફેરફાર

**ગુજરાત રાજ્ય શિક્ષક મહાસંઘ દ્વારા આ દિવસે રાજ્યવ્યાપી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું**

ગાંધીનગર, તા.૧૦

રાજ્યના શિક્ષણ વિભાગના નવા આદેશ મુજબ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધીનો રહેશે. સામાન્ય દિવસોની સરખામણીએ આ દિવસે શાળાઓ ત્રણ કલાક વહેલી પૂર્ણ થઈ જશે. શિક્ષણ વિભાગ દ્વારા આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્ય શિક્ષક મહાસંઘ દ્વારા આ દિવસે રાજ્યવ્યાપી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર કાર્યમાં શિક્ષકો મોટી સંખ્યામાં જોડાઈ શકે અને સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી શકે તે હેતુથી શાળાઓનો સમય સવારનો કરવામાં આવ્યો છે. આ નિર્ણય દ્વારા શિક્ષણ વિભાગે શિક્ષકોના સામાજિક કાર્યોને પ્રોત્સાહન આપ્યું છે અને તેમને રક્તદાન જેવા ઉમદા કાર્યમાં ભાગ લેવા માટે પૂરતો સમય પૂરો પાડ્યો છે. આ આદેશનું પાલન કરવું તમામ પ્રાથમિક શાળાઓ માટે ફરજિયાત છે. આ જાહેરાત શિક્ષકો અને વાલીઓ બંને માટે રાહતરૂપ બની રહેશે.

૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ રોજ યોજાનાર ભવ્ય મહારક્તદાન શિબિર એ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના કર્મચારીઓ દ્વારા માનવતાના મહાદાનનું એક ઉદાહરણ છે. આ શિબિરનું આયોજન ભારત સરકારના મહત્વકાંક્ષી 'ઓપરેશન સિંદૂર' ની સફળતા અને ગુજરાતના પનોતા પુત્ર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ કરવામાં આવ્યું છે.

આ ભગીરથ કાર્યમાં રાજ્યના તમામ વિભાગોના કર્મચારીઓ ઉમંગભેર જોડાઈ રહ્યા છે. ખાસ કરીને, શિક્ષણ ક્ષેત્રે કાર્યરત પ્રાથમિક શિક્ષકો પણ આ સમાજોપયોગી પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપવા ઉત્સાહિત છે. આ મહાન કાર્યમાં શિક્ષક ભાઈ-બહેનો સરળતાથી ભાગ લઈ શકે તે હેતુથી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના કાર્યાલય દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. તા. ૧૬/૦૯/૨૦૨૫, મંગળવારના રોજ રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓનો સમય સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધીનો રહેશે. આ ફેરફાર ફક્ત આ એક જ દિવસ પૂરતો લાગુ પડશે, જેથી શિક્ષકો સવારે ૧૧ પછી ૩૦૦થી વધુ સ્થળોએ આયોજિત રક્તદાન શિબિરમાં ભાગ લઈ શકે.

રક્તદાન એ જીવનદાન છે. એક નાનકડું યોગદાન કોઈના જીવનને બચાવી શકે છે. રાજ્યના તમામ પ્રાથમિક શિક્ષકોને આ અવસરનો લાભ લઈને આ માનવતાના મહાદાનમાં જોડાઈ, સમાજ પ્રત્યેની પોતાની ફરજ નિભાવવા અપીલ છે. આ નિર્ણય શિક્ષકોને સમાજસેવામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરશે અને રક્તદાનના મહત્વ વિશે જાગૃતિ પણ ફેલાવશે.

### પીએમ મોદીએ ટ્રમ્પને આપ્યો શાનદાર જવાબ

# હું મોદી સાથે વાત કરવા આતુર છું : ડોનાલ્ડ ટ્રમ્પ

**પીએમ મોદીએ તેમના X પ્લેટફોર્મ પર લખ્યું કે ભારત અને અમેરિકા નજીકના મિત્રો અને કુદરતી ભાગીદારો છે**

વોશિંગ્ટન, તા.૧૦

ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યા પછી અને ચીનમાં યોજાયેલી SCO બેઠકમાં પીએમ મોદી, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગની ત્રિપુટીને જોયા પછી, ટ્રમ્પ પોતાના નિવેદનોમાં ભારત પ્રત્યે નરમાઈ બતાવી રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેની તેમની મિત્રતા અને વફાદારી વિશે સતત નિવેદનો આપી રહ્યા છે. હવે PM મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનનો પણ જવાબ આપ્યો છે જેમાં યુએસ પ્રમુખે પીએમ મોદીને તેમના નજીકના મિત્ર અને તેમને મળવા માટે ઉત્સુક ગણાવ્યા છે.

ટ્રમ્પની પોસ્ટને ફરીથી પોસ્ટ કરતા, પીએમ મોદીએ તેમના X પ્લેટફોર્મ પર લખ્યું કે ભારત અને અમેરિકા નજીકના મિત્રો અને કુદરતી ભાગીદારો છે. મને વિશ્વાસ છે કે અમારી વેપાર વાતચીત ભારત-અમેરિકા ભાગીદારીની અપાર શક્યતાઓને ખોલવાનો માર્ગ ખોલશે. અમારી ટીમો આ ચર્ચાઓને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવા માટે કામ કરી રહી છે. હું રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાત કરવા માટે પણ આતુર છું. અમે બંને આપણા લોકો માટે ઉજ્જવળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય સુરક્ષિત કરવા માટે સાથે મળીને કામ કરીશું.

અગાઉ, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેરાત કરી હતી કે ભારત અને અમેરિકા વચ્ચે અટકેલા વેપાર સોદા પર વાતચીત ફરી એકવાર શરૂ થઈ ગઈ છે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે, મને એ જાહેરાત કરતા આનંદ થાય છે કે ભારત અને અમેરિકાએ વેપારમાં રહેલી વિસંગતતાઓને દૂર કરવા માટે વેપાર સોદા પર ફરીથી વાટાઘાટો શરૂ કરી છે. હું આગામી થોડા અઠવાડિયામાં મારા નજીકના મિત્ર વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવાનું વિચારી રહ્યો છું. મને લાગે છે કે બંને દેશો વચ્ચેના વેપાર ટ્રેડમાં કોઈ મુશ્કેલી નહીં આવે. યુએસ પ્રમુખની આ જાહેરાત પછી, બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધો અંગે નવી આશાઓ જાગી છે. નિષ્ણાતો માને છે કે આ પગલું ભારત-અમેરિકા વેપાર ભાગીદારીને એક નવા પરિમાણ પર લઈ જઈ શકે છે.

આ પહેલાં, રશિયા પાસેથી ભારતની તેલ ખરીદીથી ગુસ્સે થયેલા અમેરિકાએ ભારત પર ૫૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. આ ટેરિફ ૨૭ ઓગસ્ટથી અમલમાં આવ્યો છે. આ પગલાથી, બંને દેશો વચ્ચે વેપારમાં તણાવ આવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આ નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું કે ભારત રશિયા પાસેથી સસ્તા ભાવે તેલ ખરીદી રહ્યું છે અને તેમાંથી મળેલા પૈસાથી રશિયા યુક્રેન યુદ્ધ ચાલુ રાખી રહ્યું છે.

ટ્રમ્પનો આરોપ છે કે આ યુદ્ધમાં હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે અને ભારતની ઊર્જા નીતિ તેને પરોક્ષ રીતે પ્રોત્સાહન આપી રહી છે. ટેરિફ અને આરોપોએ ભારત-અમેરિકા સંબંધો પર નવું દબાણ બનાવ્યું છે. હવે બધાની નજર આગામી દિવસોમાં આ તણાવ ઘટાડવા માટે બંને દેશો શું પગલાં લે છે તેના પર છે.

### ગદ્દારોને શોધી રહ્યો છે વિપક્ષ

# ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ૧૫ સાંસદોએ કર્યું ક્રોસ વોટિંગ

**બી સુદર્શન રેડ્ડીને ૩૦૦ મત મળ્યા હતા, જ્યારે વિપક્ષી છાવણીએ ૩૧૫ મતોની ગણતરી કરી હતી**

નવી દિલ્હી, તા.૧૦

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં NDA ઉમેદવાર સીપી રાધાકૃષ્ણનનો વિજય નિશ્ચિત માનવામાં આવતો હતો, પરંતુ વિપક્ષી ઈન્ડિયન ગઠબંધનને ખરો ફટકો તેમના પોતાના મતબેંકમાં થયેલા ઘટાડાથી પડ્યો છે. તેમના ઉમેદવાર બી સુદર્શન રેડ્ડીને માત્ર ૩૦૦ મત મળ્યા હતા, જ્યારે વિપક્ષી છાવણીએ ઓછામાં ઓછા ૩૧૫ મતોની ગણતરી કરી હતી.

ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, વિપક્ષી નેતાઓએ અપેક્ષા રાખી હતી કે રેડ્ડીને ૩૧૫ થી ૩૨૪ મત મળશે. પરંતુ પરિણામો દર્શાવે છે કે ઓછામાં ઓછા ૧૫ મત વિપક્ષના નેતાઓ NDAના ઉમેદવારે વોટ કર્યો હોઈ શકે છે. કેટલાક મતોને ઈરાદાપૂર્વક અમાન્ય જાહેર કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે. પરિણામો પછી, વિપક્ષી નેતાઓ પક્ષદ્રોહીઓની શોધ શરૂ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં આમ આદમી પાર્ટી અને શિવસેના (UBT) અને NCP (શરદ પવાર)ના નેતાઓ પર સૌથી વધુ આંગળીઓ ઉંચી થઈ રહી છે. રાજસ્થાન અને તમિલનાડુના એક-એક સાંસદે આપેલા મતો પર પણ ચર્ચા થઈ રહી છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં પાર્ટી વ્હીપ લાગુ પડતો નથી, તેથી નેતાઓ માટે ક્રોસ વોટિંગ સરળ બન્યું હતું.

મતદાન પછી તરત જ, કોંગ્રેસના જયરામ રમેશે ઠ પર લખ્યું હતું કે વિપક્ષે ૧૦૦% હાજરી નોંધાવી અને ૩૧૫ સાંસદોએ મતદાન કર્યું. પરંતુ પરિણામોના બે કલાકમાં, આ એકતા તૂટી ગઈ હોય તેવું લાગતું હતું. વિપક્ષના નેતાઓને આશા હતી કે આ ચૂંટણી બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા એકતા દર્શાવશે, પરંતુ તેનાથી વિપરીત વિપક્ષના નેતાઓમાં ૧૫ નેતાઓએ ક્રોસ વોટિંગ કર્યું હતું.

આ ચૂંટણીમાં કુલ મતદારોની સંખ્યા ૭૮૧ હતી, જેમાંથી ૭૬૭ મતદારોએ મતદાનમાં ભાગ લીધો હતો. મત ગણતરીમાં, ૭૫૨ મત માન્ય અને ૧૫ અમાન્ય હોવાનું જાણવા મળ્યું. આ રીતે, જીત માટે ઓછામાં ઓછા ૩૭૭ મત જરૂરી હતા. વિપક્ષી ઉમેદવાર વી સુદર્શન રેડ્ડીને ફક્ત ૩૦૦ પ્રથમ પસંદગીના મત મળ્યા હતા.

# ચલાલા ખાતે શ્રી મોગલ મા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સ્થાનિક પત્રકારોનુ સન્માન કરાયુ






ચલાલામાં સામાજિક સંસ્થા દ્વારા સે પ્રથમ વખત.
શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ ચલાલા–સુરતદ્વારા પત્રકારોનુ સન્માન કરવામા આવ્યુ હતુ

જેમા ચલાલા અને ધારી થી વરિષ્ઠ પત્રકારો ઉપસ્થીત રહેલ હતા દરેક પત્રકારોનુ સહુ પ્રથમ વાર દાનમહારાજની પાવન ભુમી ચલાલાને આંગણે સાઈ મંદીર ના સાનિધ્યમા ઉમળકા ભેર આમંત્રીત મહેમાના ને હસ્તે સન્માન કરવામા આવેલ હતુ. જેમા ધારી ચલાલા ના વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ કારીયા, પ્રતાપભાઈ વાળા, બિપીનભાઈ રાઠોડ, અશોકભાઈ જોષી, હીમાશુભાઈ પંડ્યા, સંજયભાઈ કારીયા, અને ધારી થી પધારેલા પત્રકાર ટીનુભાઈ લલિયા, મેહુલભાઈ ત્રિવેદી, બરકભાઈ ચાવડા, હુસેનભાઈ, તેમજ રફીકભાઈ ચાવડા, સહીત હાજર તમામ પત્રકારોનુ ગીફટ આપી અદકેરૂ સ્વમાન ભેર સન્માન કરવામા આવેલહતુ, દરેક પત્રકારો શ્રી મોગલમા માનવ સેવા ટ્રસ્ટ શિવસાઈ ગૃપ ચલાલાની વિવિધ સેવાકાર્યાને ખુબ ખુબ બિરદાવેલ હતી. આ ટ્રસ્ટ દ્વારા તમામ જ્ઞાતિના સમૂહ લગ્ન વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ, ભુખ્યાને ભોજન, સહિત ધાર્મિક તેમજ સામાજિક સમાજ ઉપયોગી અનેક પ્રકારના કાર્યો કરેછે. ત્યારે પત્રકાર સત્કાર સમારોહમાં દરેક પત્રકારે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. પત્રકારને પડતી મુશ્કેલી સાચું પત્રકારત્વ કોને કહેવાય એ વિશે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. પત્રકારોના સન્માનમા ખાસ જયરાજભાઈ વાળા, જયરાજભાઈ જેબલીયા, રમેશભાઈ પરમાર, મનસુખભાઈ કાનાણી, દિક્ષિત ભાઈ જોષી, સહીતના મહેમાના ઉપસ્થીત રહેલ હતા. અંતમા ચલાલા પંથકના વરિષ્ઠ પત્રકાર પ્રકાશભાઈ કારીયા, ધારીના પત્રકાર મેહુલભાઈ ત્રિવેદી, ગોપાલગ્રામના પત્રકાર પ્રતાપભાઈ વાળા એ સન્માન પ્રતિભાવમા સંસ્થાની વિવિધ સેવાકીય પ્રવૃતિઓ ને આવકારી ને ખરા દિલથી બિરદાવેલ હતી. અને ચલાલા મા પ્રથમવાર શ્રી મોગલ માનવ સેવા ટ્રસ્ટ ચલાલા–સુરત અને શિવસાઈ ગૃપ ચલાલા દ્વારા આમંત્રીત કરેલા ચલાલા–ધારીના વરિષ્ઠ પત્રકારોને એકી સાથે બોલાવી એક મંચ પર ઉપસ્થીત મહાનુભવો ના વરદ હસ્તે ગીફટ આપી સ્વમાન ભેર અદકેરૂ સન્માન સ્વાગત ભોજન સાથે કરેલછે. તે બદલ સંસ્થાનો દિલ થી આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ વરિષ્ઠ પત્રકારોનો સન્માન કરવાનો આવો અતિ સુંદર કાર્યક્રમ ભોજન સાથે ગોઠવવા બદલ અને સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓને પ્રયાનમા લઈ સંસ્થાના મુખ્ય સંચાલક ' રાજેશ ભાઈ જાની'નુ ઉપસ્થીત તમામ પત્રકારો દ્વારા શાલ ઓઢાડી સન્માન કરી આભારની લાગણી વ્યક્ત કરવામા આવેલ હતી. સાવરકુંડલાના વરિષ્ઠ સેવાભાવી પત્રકાર બીપીનભાઈ પાંધી અનિવાર્ય સંજોગોના કારણે કાર્યક્રમમા ઉપસ્થિત રહી શક્યા ના હોવાથી તેઓએ સંસ્થાને પોતાનો શુભ સંદેશો પાઠવેલ હતો. ચલાલામા સહુ પ્રથમ વખત પત્રકારોનુ સન્માન થાય એ માટે ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ જાની, લલીતભાઈ મહેતા, જીતુભાઈ એમ મહેતા, મિતેશભાઈ ભટ્ટ એ જહેમત ઉઠાવેલ હતી. કાર્યક્રમ ને સફળ બનાવવા ધર્મેશભાઈ જાની, દિપ મહેતા, વિજય મહેતા, કીશન રાઠોડ, ઈમરાનભાઈ ભાગવાણી, નરેશભાઈ કંદાઈ એ સેવા આપેલ હતી. સમગ્ર કાર્યક્રમ નુ સંચાલન જીતુભાઈ એમ મહેતા એ કરેલ હતુ.

# શાળા વ્યવસ્થાપન સમિતિનાં કાર્યો બાબતે પૂર્વ સરપંચ રસભર્યાએ કર્યા સુચન

સાવરકુંડલા, તા. ૧૦

રાજયની શાળાઓમાં ચાલતી શાળા વ્યવસ્થાપન સમિતિ (એસ.એમ.સી.)નાં કાર્યો બાબતે નાગરિકોએ ૪૫ દિવસમાં સુચનો મોકલી આપવાની પ્રેસયાદી રાજય સરકાર દ્વારા તા. ૨૦/૮નાં રોજ પ્રસિધ્ધ થઈ તે અન્વયે જાગૃત નાગરિકોને તમામ કાર્યકરો વગેરેને નીચે મુજબના તેમજ અન્ય જરૂરી લાગે તેવાં સુનો સરકારમાં પહોંચાડવા અનુરોધ છે. મેઈલ આઈડી પર પોતાનાં સુચનો મોકલી શકે છે. જે અન્વયે જરૂરી બાબતમાં આચાર્ય પિરિયડ લેતાં નથી, ફરજમાં અનિયમિતતા દેખાડતાં હોય, સ્ટાફ ઉપર કડક નિયંત્રણ જરૂરી છે. એસ.એમ.સી.ની સ્વપ્નો ઉપયોગ આચાર્ય મંત્રી વગેરે હોવાં છતાં નથી. પરંતુ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમની વાસ્તવિકતા શું છે ?

આચાર્યથી લઈને ઉચ્ચ અધિકારીઓ ઉપર સંગઠનની પકકડ મજબુત છે. સંગઠનને રાજકિય પ્રોત્સાહન દરેક પક્ષની સરકાર આપે છે. કયા પક્ષની સરકારે સંગઠનનાં કઈ કક્ષાનાં હોદેદાર સામે કેટલી વખત ? કયારે ? કેવા પગલા લીધા ? સંગઠનનાં કેટલાક હોદેદારોનાં પાવરથી તો કેટકેટલાએ શિક્ષકો મોટાભાગે દિનપ્રતિદિન બેદરકાર બનતા જાય છે. કેટલાક કિસ્સાઓમાં તો અધિકારી વર્ગને કેટલાક હોદેદારો દબાવી રહ્યા છે. જેથી આવા સંગઠનોનાં હોદેદારો ઉપર ચાંપની નજર રાખી કડક જાતિ અખત્યાર કરવાની જરૂરત છે. આવી સ્થિતિમાં ઉત્સાહી કાર્યદક્ષ (નવી ભરતીનાં સહીત) શિક્ષકો પણ કાર્યકરોનો મેણા–ટોણાથી નિરૂત્સાહી થઈ જાય છે. ગ્રામ્ય વિસ્તારમાં એસ.એમ.સી.ની ચેકબુકોમાં જવાબદારોની કોરામાં સહી લઈને ચેક સંગઠનનાં કેટલાક હોદેદારો પાસે રહેતી હોવાની પણ માહિતી અમોને વિશ્વાસપાત્ર વર્તુળોમાંથી જાણવા મળ`છે. આમાં લોકભાગીદારી કયા ? કોની ? કેટલી ?

અમરેલી જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાયોમેટ્રીક થમ્સ સીસ્ટમ છે ખરી ? શા માટે તમામ શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવતા નથી ? આવી અનેક બાબતો દર્શાવે છે કે અધિકારી વર્ગ ઉપર કોનો કેટલો પ્રભાવ છે ? આવાં સંજોગોમાં એસ.એમ.સી.ની કમિટી કેવી કાર્યરત હશે ? કેવી રે પોતાની સ્બાનો ઉપયોગ કરી શકે ? ખરેખર તો આમાં લોકભાગીદારી જેવું વાસ્તવમાં કશુ જ નથી, (કેટલાંક અપવાદો બાદ કરતાં) તેમ લખવુ અતિશયોકીતભર્યુ નથી.

આચાર્ય દ્વારા એસ.એમ.સી.માં ઠરાવ લખીને માત્ર સહીઓ જ લઈ લેવામાં આવે છે. દલીલો કરે, હા જી હા કરે તેવાં જ લોકોને એસ.એમ.સી.માં પસંદ કરવામાં આવે છે. કોઈપણ નીતિ–નિયમોનો ભંગ થાય છે. ત્યારે તાલુકા બહાર, જિલ્લા બહાર બદલીઓ સસ્પેન્ડ વગેરે કડક કાર્યવાહી કરવાની ન થાય ત્યાં સુધી એસ.એમ.સી.ની રચના કે તેમાં સુધારા કરવા વ્યર્થ છે.

માત્ર બાબુશાહીથી સરકારી પ્રાથમિક શાળાઓ ચાલે છે. વાલીઓની મીટીંગ તો ભાગ્યે જ કોઈ શાળામાં બોલાવવામાં આવે છે. તેનાં વાસ્તવીક હેતુ પણ વિભિન્ન પ્રકારના હોય છે.

એક શિક્ષકને બદલવાં કે બદલાયેલાને પુન : લાવવાનાં કેટલાંક કિસ્સાઓમાં ધારાસભ્ય દ્વારા શિક્ષણમંત્રીને રજુઆત કરવી પડે તેવી સ્થિતિ તો મે ભૂતકાળમાં જોયેલી છે. લોકભાગીદારી કેટલી, કોની એની વાસ્તવિકત તો આચાર્ય, તાલુકા સ્બાવાળાઓ અને સંગઠનના કેટલાક હોદેદારો જાણતાં હશે.

વર્ગ – ૧ કે વર્ગ – ૨ના અધિકારીઓએ કેટલા, કેવા, કયારે શિક્ષાત્મક પગલા લીધા તે અંગેનો ભૂતકાળનો રેકર્ડ તપાસવામાં આવે તો સરકારને ખ્યાલ આવશે કે ખરેખર વર્તમાન સ્થિતિ શું છે ? શિક્ષાત્મક પગલાં લેવાની સ્બા ગ્રામસભા દ્વારા ગ્રામ પંચાયતનાં સરપંચને આપવાની ખાસ જરૂરત છે.

પરિપત્રોની જે નકલો આચાર્ય પાસે આવે તે નકલો સરપંચને પોસ્ટ દ્વારા (કોઈ કર્મચારી દ્વાર નહીં) તથા જિલ્લાનાં તમામ પત્રકારોને કે જે જિલ્લા મથકે ફરજ બજાવતાં હોય તેઓને મોકલવામાં આવે તો ત્રીજુ નેત્ર ચોથી જાગીર ખોલી દેશે તેવી મને આશા છે.

પંચાયતી રાજમાં પંચાયતની હદમાં દબાણ થવાં બાબતે કે અટકાવવામાં બાબતે બેદરકાર રહેનાર સરપંચને સસ્પેન્ડ કરવામાં આવે છે, તેમ શિક્ષક આચાર્ય વગેરે સસ્પેન્ડ થાય, તાલુકા જિલ્લા બહાર બદલી થાય તો લોક ભાગીદારી આપોઆપ આવી જશે.

ધ્વજવંદન કે અન્ય સરકારી કાર્યક્રમોમાં સ્ટાફ તથા એસ.એમ.સી.નાં સભ્યો તેમજ અન્ય તમામ કર્મચારીઓની હાજરી ફરજિયાત વાસ્તવમાં રહે તેવાં નકકર પગલાની જરૂરત છે.

શિક્ષકો માટે તેઓનાં સ્વખર્ચે ગણવેશ (યુનિફોર્મ) ફરજિયાત કરવાની તથા તેઓના બાળકોને ફરજ પરની શાળામાં કે અન્ય સરકારી શાળામાં શિક્ષણ લેવાનો કડક નિયમ થાય તો અવશ્ય લોક ભાગીદારી શું છે ? તે અંગેનુ જ્ઞાન ઘણાં લોકોને આવવા લાગે છે.વાલી, વિદ્યાર્થી કે જનતામાંથી ફરિયાદ આવે કે તુરંત તપાસ અને તુરંત પગલાં લેવામાં આવે તો જરૂર શિક્ષકમાં તથા શિક્ષણમાં સુધારો આવશે. બાકી સંગઠનનાં કહેવા મુજબ પસંદગીનાં સ્થળે જવાના બદલી કેમ્પો બંધ કરી આમ જનતાની ફરિયાદોનાં આધારે બદલી કરવાનાં કેમ્પ કરવાની તાતી જરૂરીયાત છે.

શિક્ષકોનાં સંગઠનનાં કેટલાક હોદેદારો અભ્યાસ તો ઠિક શાળામાં પણ નિયમિત હાજર રહેતાં નથી. એ તો સામાન્ય બાબત થઈ ગઈ છે. માત્ર પોતાનાં સ્વાર્થવાળી પ્રવૃતિઓમાં રચ્યા પચ્યા રહે છે. આવાં સંજોગોમાં તમામ રાજકિય પક્ષોનાં હોદેદારો તથા ચુંટાયેલાં પ્રજાનાં પ્રતિનિધિઓએ એક થઈ પગલાં લેવા મકકમ થવાની જરૂરત છે.

**આલેખન : યાકબ રસભર્યા**
**(વિજપડી)**
**મો. ૯૮૭૯૮ ૨૨૭૭૩**

# શું ભારતમાં સીનિયર સિટીઝન હોવું ગુનો છે ?

અમરેલી, તા. ૧૦

ભારતના વરિષ્ઠ નાગરિકો ૭૦ વર્ષ પછી તબીબી વીમા માટે પાત્ર નથી. તેમને EMI પર લોન મળતી નથી. ડ્રાઈવિંગ લાઈસન્સ આપવામાં આવતું નથી. તેમને કોઈ કામ આપવામાં આવતુ નથી. તેથી તેઓ જીવન ટકાવી રાખવા માટે અન્ય પર આધાર રાખે છે. તેઓએ નિવૃતની ઉંમર સુધી એટલે કે ૬૦–૬૫ વર્ષ સુધીના તમામ કર, વીમા પ્રિમીયમ ચૂકવ્યા હતા. હવે સિનિયર સિટીઝન બન્યા પછી પણ તેમણે તમામ ટેકસ ચુકવવા પડશે. ભારતમાં સિનિયર નાગરિકો માટે કોઈ યોજના નથી. રેલ્વે/હવાઈ મુસાફરી પર ૫૦% ડિસ્કાઉન્ટ પર બંધ કરવામાં આવ્યું છે. બીજીબાજુ રાજનીતિમાં ધારાસભ્ય, સાસંદ કે મંત્રીને દરેક સંભવિત લાભ આપવમાં આવે છે. અને તેમને પેન્શન પણ મળે છે. જો બાળકો તેમની કાળજી લેતા નથી. તો તેઓ કયાં જશે ?

સરકાર કલ્યાણકારી યોજનાઓ પર અઢળક નાણાં ખર્ચે છે. પરંતુ કદી સિનિયર નાગરિકો વિશે જાણતી નથી. તેનાથી વિપરિત, બેંકોના વ્યાજદરમાં ઘટાડાથી ઉચ્ચ નાગરિકોની આવક ઘટી રહી છે. જો તેમાંથી કેટલાકને પરિવાર અને સ્વને ટેકો આપવા માટે નજીવુ પેન્શન મળી રહ્યું છે. બેંકોના વ્યાજદરમાં ઘટાડાથી ઉચ્ચ નાગરિકોને કેટલાક લાભો માટે ધ્યાનમાં લેવા જોઈએ. (૧) ૬૦ વર્ષથી ઉપરના તમામ નાગરિકોને સ્થિતિ પ્રમાણે પેન્શન મળવું જોઈએ. (૨) રેલ્વે, બસ અને હવાઈ મુસાફરીમાં રાહત. (૩) છેલ્લા શ્વાસ સુધી તમામ માટે વીમો આવશ્યક હોવો જોઈએ. અને પ્રિમિયમમાં સરકાર દ્વારા રાહત. (૪) સિનિયર નાગરિકોના કોર્ટ કેસોને વહેલા નિર્ણય માટે પ્રાથમિકતા આપવી જોઈએ.

સુપ્રીમ કોર્ટ અને દેશની વડી અદાલતોમાં સીનીયર સીટિઝનોના સીવિલ અને ક્રીમીનલ કેસોમાં પ્રાથમિકતા આપવા અંગે સૌધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવેલ છે. પરંતુ તેનો કોઈ અમલ ગુજરાત હાઈકોર્ટમાં મેન્યુઅલી થતો નથી. પ્રાયોરીટી માંગવામાં આવે છે. પરંતુ પ્રાયોરીટીમાં પણ કેસની સુનાવણી થતી નથી. અને તારીખ પે તારીખ ઈસ્યુ થાય છે અને સીનિયર સીટિઝનો ગુજરાત હાઈકોર્ટમાં હેરાન પરેશાન થાય છે. ત્યારે હાઈકોર્ટમાં દરરોજ બે પ્રકારના (૧) સપ્લીમેન્ટરી બોર્ડ (૨) ડેઈલી બોર્ડ એમ બે (૨) બોર્ડ બનાવવામાં આવે છે. તેના બદલે સીનીયર સિટીઝનો માટેનુ ઈલાયદા બોર્ડ રોજે રોજ બનાવવામાં આવે અને તે સીનીયર સિટિઝનોના બોર્ડને પ્રથમ ચલાવ્યા બાદ અન્ય બોર્ડની મેટરો ચલાવવામાં આવે તેવુ કરાવવાની જરૂર છે. જેથી સીનીયર સીટીઝનોના કેસોનો નિકાલ વહેલાસર થઈ શકે.

# દામનગરમાં છેલ્લા ૨૦ વર્ષથી ઘરથાળ પ્લોટની ફાળવણી થતી નથી

દામનગર, તા. ૧૦

દામનગર ગુજરાત સરકાર દ્વારા રાજયના ગ્રામ્ય વિસ્તારોમાં દિન ૧૫ માં ગામતળ નિમ કરી ઘર વિહોણા ને ૧૦૦ વારીયા પ્લોટ ફાળવવા આદેશ કર્યો ત્યારે શહેરી ગરીબોનો શુ વાંક ? દામનગર શહેરમાં ૨૦ વર્ષ થી ઘરથાળ પ્લોટની ફાળવણી નથી થઈ અનેક ગરીબ પરિવારો ભારે સંકડામણ ભોગવી રહ્યા છે ખાનગી માલિકીમાં પ્લોટ ન ખરીદી શકે કે જ્ઞાતિ બાદનો પણ પ્રશ્ન હોય ત્યારે અનેક ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો ભારે સંકડામણ ભોગવી રહ્યા છે ત્યારે તાજેતરમાં ગુજરાત સરકારના પંચાયત વિભાગે જે નિર્ણય ગ્રામ્ય વિસ્તારો માટે કર્યો દિન ૧૫ માં નવા ગામતળ નિમ કરવાના આદેશ જેમ શહેરી વિસ્તારોના ગરીબો માટે પણ કરાય તે જરૂરી દામનગર નગરપાલિકા વિસ્તારમાં છેલ્લા ૨૦ વર્ષ કરતા વધુ સમય થી ઘર વિહોણા પરિવારો ને ઘર થાળ પ્લોટ ફાળવણી કરાયેલ નથી અનેક પરિવારો ભારે સંકડામણમાં સબડી રહ્યા છે ત્યારે દામનગર શહેરમાં પણ શહેરી ગરીબ પરિવારો માટે પાલિકા સ્તરે લેન્ડ કમિટી બનાવી ગામતળ માં પડેલ સરકારી જમીન ઉપર હુડકો અથવા ૨૫ વારીયા મફત પ્લોટ વ્યવસ્થા કરી જરૂરિયાતમંદ પરિવારો ને ઘરના ઘર માટે આયોજન કરવાની વારંવાર માંગ ઉઠી રહી છે ત્યારે તાજેતરમાં સરકારે જે નિર્ણય ગ્રામ્ય વિસ્તાર માટે કર્યો તેવો નિર્ણય શહેરી ગરીબ પરિવારો માટે કરવા રજુઆત ગુજરાત સરકારે કરેલ સરાહનીય નિર્ણય થી અનેક ઘર વિહોણા ને ઘરનું ઘર મળશે પણ શહેરી ગરીબ નાની નગરપાલિકા વિસ્તારોમાં રહેતા અનેક પરિવારો ને પણ આવો લાભ મળે તે જરૂરી દામનગર શહેરમાં ૨૦ વર્ષ કરતા વધુ સમય થી અનેક પરિવારો ઘર ના ઘર ની રાહમાં છે અનેક વિસ્તારો માં સરકારી પડતર જમીનો ઉપર પાલિકા એ પોતા ની લેન્ડ કમિટી બનાવી આવી પડતર જમીનો ઉપર હુડકો અથવા મફત પ્લોટ ફાળવી ગરીબો ના હિત ગરીબો ને સંકડામણ થી બહાર કાઢવા મદદ કરવી જોઈએ.

## ગોપાલ ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટનાં પ્રયાસથી

# ચલાલા : ગોપાલગ્રામ ખાતે જિલ્લા બેન્ક દ્વારા મહિલાઓનાં વિનામુલ્યે બચત ખાતા ખોલાયા

## નિયામક મિલનભાઈ જાટકીયા અને ટ્રસ્ટી મિનલબેનની ઉતમ સેવા




ચલાલા, તા. ૧૦

ગોપાલ ગ્રામના વતની અને હાલ મુંબઈ રહેતા મિલિયન કંપનીના માલિક અને ગોપાલગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટના નિયામક મિલનભાઈ જાટકીયા અને ગોપાલગ્રામ વિકાસ ટ્રસ્ટ મંડળ ટ્રસ્ટના સેવાભાવી ટ્રસ્ટી મિનલબેન ઝાટકીયાની સીધી સુચના, માર્ગદર્શન, સાથ સહકાર અને સહયોગ દ્વારા ગોપાલગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટ દ્વારા ગોપાલગ્રામ સહિત આજુબાજુના શહેર અને ગામડાઓના મધ્યમ વર્ગના પરિવારોના બાળકોને સારૂ અને કવોલિફાઈડ શિક્ષણ મળી રહે તેવા શુભ હેતુથી ગોપાલગ્રામમાં ઓ પી જાટકીયા હાઈસ્કુલમાં બોયસ (અને) ગર્લ્સ વિદ્યાર્થિઓ માટે સુવિધાયુક્ત બિલ્ડીગ અને કવોલિફાઈડ શિક્ષણની સાથે વિનામૂલ્યે સ્કુલ બસ સેવા, વિના મુલ્યે સ્કુલ ડ્રેસ, ચોપડા, પુસ્તક, સ્ટેશનરી સહિતની સુવિધા આપ્યા બાદ ગામના લોકોને મોટા શહેરોમાં રોજગારી માટે જાવું ન પડે તે માટે ગામની બહેનોને રોજગારી મળી રહે તેવા શુભ હેતુથી ગૃહ ઉદ્યોગો સ્થાપી બહેનોને ઘર બેઠા ઓશીકા, તકિયાના કવર, કલોથ બેગ સહિત જુદા જુદા દસ પ્રકારના મસાલા બનાવી શકે એ પ્રકારનું જુદુ જુદુ કામ મળી રહે અને બહેનો ઘર બેઠા સરળતાથી આઠ–દસ હજાર રૂપિયા કામી શકે અને પોતાના પગ પર જીવન જીવી શકે તે માટેનું સરાહનીય કાર્ય ચાલુ કરવામા આવેલછે. આ ઘર બેઠા રોજગારી મળી રહે એ કાર્યમા ઘણા બહેનો જોડાયા છે. અને હજુ વધુ વધુ બહેનો આ ઘર બેઠા રોજગારી મેળવવાના કાર્યમા જોડાઈને વધુને વધુ રોજગારી મેળવે તેવુ ગોપાલગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટના સેવાભાવી ટ્રસ્ટી મિલનબેન ઝાટકીયા સહિતના ટ્રસ્ટીઓએ જણાવેલ છે.

બહેનોની રોજગારીની રકમ પોતાના બેંક ખાતામા સીધા જ જમા મળી રહે તે માટે ગોપાલગ્રામ ઓ.પી. ઝાટકીયા હાઈસ્કુલ ખાતે જિલ્લા બેંક દ્વારા મહિલાઓને વિનામૂલ્ય ખાતા ખોલી દેવામાં આવ્યા હતા. જેમાં ગોપાલગ્રામ ગ્રામ વિકાસ ટ્રસ્ટ દ્વારા ગામમાં રહેલા મહિલાઓ માટે મસાલા બનાવીને સુરત અમદાવાદ તેમજ મુંબઈ જઈ રહ્યા છે. જેમાં મિલિયન કંપનીના માલિક મિલનભાઈની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઝાટકિયા હાઈસ્કુલ ચાલી રહી છે. ત્યારે ગામમાં રહેતા મહિલાઓ માટે ગૃહો ઉદ્યોગ સ્થાપિને ગ્રામ વિકાસ નેજા હેઠળ મહિલાઓને રોજગારી મળે તે માટે મિલન કંપનીના સહયોગથી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં મહિલાઓને ખાતામાં સીધા પૈસા એકાઉન્ટમાં મળે તે હેતુથી જિલ્લા બેંક દ્વારા મહિલાઓના ખાતા ખોલવામાં આવ્યા હતા. જેમાં સમગ્ર સંચાલન મિનલબેન ઝાટકિયા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. નાના એવા ગોપાલગ્રામ ગામમાં આવા સુંદર કાર્યોમાં ગોપાલગ્રામ ગામના યુવાન સરપંચ હરેશભાઈ વાળા સહિત ગ્રામ વિકાસ મંડળ ટ્રસ્ટના તમામ દષ્ટિઓ તન, મન, ધનથી સાથ સહકાર અને સહયોગ આપી રહ્યા છે. એ પણ એક સહાનીય બાબત ગણાય.

## છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવતા

# અમરેલી પાલિકાના સેવાભાવી નગરસેવક પ્રકાશ લાખાણીનો આજે જન્મદિન

## શુભેચ્છકો દ્વારા મો.નં. ૮૭૮૦૫ ૪૭૦૫૬ પર અભિનંદન પાઠવવામાં આવી રહયા છે



અમરેલી, તા. ૧૦

અમરેલી નગર પાલિકામાં કોંગ્રેસ પક્ષ તરફથી સતત બે ટર્મથી નગર સેવક તરીકે ફરજ બજાવતા પ્રકાશ લાખાણીના જન્મ દિન નિમિતે મિત્રો શુભેચ્છકો તેમના મો નં. ૮૭૮૦૫ ૪૭૦૫૬ પર શુભ કામનાઓ પાઠવી રહયા છે.

# અમરેલીનાં યુવા હર્ષ સંઘાણીએ રશિયા ખાતે યુવા સેમિનારમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યુ






ભારતીય યુવાનોની ક્ષમતા, મુલ્યો અને વિશ્વશાંતિમા યોગદાન હવે સહકાર વિકાસ અને એકતામાં પરિવર્તીત થવા જઈ રહયુંછે અને તે ક્ષમતાને વિશ્વ નિહાળી રહેલ છે. તેમ રશિયા ખાતેના આખાગેલ્સ્ક ખાતે યોજાયેલ ત્રી–દિવસીય આંતરરાષ્ટ્રીય યુવા સેમીનારના અધ્યક્ષસ્થાન સાથે ભારતનું પ્રતિનિધિત્વ કરતા આઈસીએ યુથ કમીટીના ચેરમેન હર્ષ સંઘાણીએ જણાવ્યુંહતું. વધુમા જણાવેલ છે કે સમગ્ર વિશ્વ વિકાસ અને વ્યવસ્થાઓ બાબતે અનેક સમસ્યાઓનો સામનો કરી રહેલ છે. ત્યારે સહકારી અને યુવાપ્રવૃતિ શાંતિ અને વિકાસમાં અગ્રેસર યોગદાન જરૂરી છે. તેમ જણાવી વૈશ્વિક મુદાઓની છણાવટ કરી ભારતીય યુવા વિચારોને વિશ્વ સમક્ષ મુકી નેતૃત્વ શકિતનો પરિચય આપ્યો હતો. સેમીનાર વૈશ્વિક મંચપર હર્ષ સંઘાણી ઉપરાંત આખાગેલ્સ્ક પ્રાંતના ગર્વનર એલેકઝાન્ડર તથા સેન્ટ્રોસોયઝ ઓફ ધ રસીયન ફેડરેશન પ્રમુખ દિમિત્રી ઝુબોવ, રશીયન સ્ટેટ દુમાના યેવાનિતી સમિતિના ઉપાધ્યક્ષ એલેકઝાન્ડર રોમાનોવિચ ઉપસ્થિત રહયા હતા. આ તકે સોવયેત બ્યુરોકસી સેન્ટ્રોસોયુઝ ઓફ ધ રસીયન ફડરેશન ધ્વારા વૃક્ષારોપણ અભિયાન યોજવામાં આવેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે દક્ષિણ આફ્રીકા ખાતે યોજાએલ જી–૨૦ ગ્રુપ ઓફ ટવેન્ટીમા પણ અધ્યક્ષતા સંભાળી વિશ્વના અગ્રણી ૨૦ દેશોના યુવા પ્રતિનિધીઓ સમક્ષ ભારતીય યુવા વિચારો રજુ કરીને સમગ્ર રાજય–દેશનું ગૌરવ વધારેલ તેમ અખબારી યાદીના અંતમાં જણાવાયેલ છે.

# સરદાર સર્કલ માર્ગમાં ભયાનક ગાબડા



અમરેલીના સરદાર સર્કલ નજી ચિતલ રોડ તરફથી આવતા વળાંકમાં માર્ગમાં સેંકડો ગાબડાઓ પડયા હોય અને તેના ઉપરથી દરરોજ હજારો વાહન ચાલકો પસાર થતાં હોવા છતાં પણ માર્ગ–મકાન વિભાગને ગાબડા બુરવાની ફુરસદ નથી.

### જિલ્લા કલેકટર કચેરીમાં આવેદનપત્ર પાઠવ્યુ

# અમરેલીમાં આંગણવાડી વર્કરોએ લઘુત્તમ વેતન આપવાની માંગ કરી

### મહિલાઓની વ્યાજબી માંગ પૂર્ણ કરવી જરૂરી



અમરેલી, તા.૧૦

અમરેલીમાં આજે આંગવાડી વર્કરોએ જિલ્લા કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાંજણાવેલછે કે, ૨૦૨૪ ઓગસ્ટમાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટના સિંગલ જજ દ્વારા આંગણવાડીવર્કરોઅનેહેલ્પ કરોબાબતે ચુકાદો આપેલ હતો પરંતુ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લા અને જૈન સમાજનું ગૌરવ

# અમરેલીનાં જૈન સમાજની દીકરી ચિ. આર્ચી ખેતાણી કથક વિશારદ પરીક્ષામાં અગ્રેસર

### ધો. ૧૨ની પરીક્ષામાં સમગ્ર રાજયમાં પ્રથમ સ્થાન મેળવ્યું



અમરેલી, તા.૧૦

અમરેલી શહેરની ઉજ્જવળ દીકરી આર્ચી ભાવેશભાઈ ખેતાણીએ પોતાની અદભૂત સિદ્ધિઓથી માત્ર પોતાના પરિવાર જ નહીં પરંતુ સમગ્ર જૈન સમાજ અને અમરેલી શહેરનું ગૌરવ વધાર્યુ છે.

આર્ચી નાનપણથી જ અભ્યાસમાં તેજસ્વી રહી છે. અભ્યાસની સાથે તે કથક વિશારદ, વકતૃત્વ સ્પર્ધા, લેખનકાર્યસહિતના ક્ષેત્રોમાં પણ પારંગત છે. તેની આ બહુમુખી પ્રતિભા તેને સમકાલીન વિદ્યાર્થીઓમાં અનોખી ઓળખ આપે છે.

ખાસ નોંધપાત્ર વાત એ છે કે ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા અને કથક વિશારદની પરીક્ષા એક જ વર્ષમાં આવતાં છતાં, આર્ચીએ બંનેમાં અદ્‌ભુત મેનેજમેન્ટ દાખવીને ઉત્તમ સફળતા મેળવી.

અનુસંધાન પાના ૬ ઉપર




### રાજયનાં ગૃહ વિભાગે દલિત પરિવારને ન્યાય અપાવવા કર્યો નિર્ણય

# અમરેલીનાં નવા માર્કેટયાર્ડ નજીક થયેલ દલિત યુવકની હત્યાનાં ચકચારી કેસમાં સ્પે. પી.પી. તરીકે એડવોકેટ ઉદયન ત્રિવેદીની નિમણૂંક

### અમરેલીનાં પોલીસ અધિક્ષક સંજય ખરાત પણ દલિત પરિવારને ન્યાય અપાવવા મક્કમ





અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાનાં મર્ડરના ચકચારી કેસમાં સ્પેશયલ પી.પી. તરીકે ગુજરાત સરકારનાં હોમ ડીપાર્ટમેન્ટ ધ્વારા એડવોકેટ ઉદયન ત્રિવેદીની નિમણૂંક કરવામાં આવી છે.

વિગત એવા પ્રકારની છે કે, આ બનાવ તા. ૧૬/૦૫/૨૦૨૫ ના રોજ ચોથાભાઈ ખોડાભાઈ પડસારીયા, વિજયભાઈ આણંદભાઈ ટોટા, ભાવેશભાઈ ભુપતભાઈ મુંધવા, જયદીપ ઉર્ફે જતીનભાઈ કાથડભાઈ મુંધવા, દેવાભાઈ સાંગાભાઈ મુંધવા, બોઘાભાઈ દુદાભાઈ મુંધવા, રઘુભાઈ અરજણભાઈ મુંધવા, રવિભાઈ રૂપાભાઈ મુંધવા, દર્શન ઉર્ફે પઢીયાર નથુભાઈ વિ. એગેરકાયદેસર મંડળીરચી એકસંપ કરી દલિત યુવાન નિલેશભાઈ રાઠોડને નવા માર્કેટીંગયાર્ડની સામેના ભાગે જ્ઞાતિ બાબતે હડધુત કરી ગુન્હાહીત રીતે બળનો પ્રયોગ કરી ભુંડા બોલી, ગાળો બોલી હડધુત કરેલ તેમજ

અનુસંધાન પાના ૬ ઉપર

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

# ભૈ વાહ : અમરેલી અને કુંકાવાવનાં ૧૨ ગામોનાં માર્ગોની મરામત માટે ૩૫.૫૫ કરોડ મંજુર

### નાયબ દંડકે મુખ્યમંત્રીનો આભાર માન્યો



અમરેલી, તા. ૧૦


અમરેલી જિલ્લાના જાગૃત અને ઉત્સાહી ધારાસભ્ય તથા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા પોતાના મતવિસ્તારના કામો માટે રાત દિવસ પ્રયત્નશીલ રહેતા હોવાની પ્રતીતિ પુનઃ એક વાર થઈ રહી છે. અમરેલી તાલુકાના કુલ દસ ગામો અને કુંકાવાવ તાલુકાના બે ગામો મળી કુલ બાર ગામોના ૪૬ કિલોમીટર જેટલા ગ્રામ્ય માર્ગોનું રીસર્ફેસિંગ કરવાની જરૂરિયાત હોવાથી રાજયના મુખ્યમંત્રીને ધારાસભ્ય દ્વારા ભલામણ કરવામાં આવેલ. જે અન્વયે રાજય સરકાર દ્વારા નાના આંકડિયા સાંગાડેરી રોડ, જીથુડી રાંઢીયા રોડ, વરસડા નાનામાચિયાળા રોડ, વરસડા કેરિયા નાગસ રોડ, જાળીયા એપ્રોચ રોડ, સરંભડા શીલાણા રોડ, દેવરાજીયા તરકતળાવ રોડ, જાળીયા કમીગઢ રોડ, ચાડિયા મેડી રોડ, ચક્કરગઢ એપ્રોચ રોડ, દેવગામ

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારાસભ્ય કસવાલાએ ૩૫ વર્ષ જુનો પ્રશ્ન હલ કર્યો

# અરેવાહ : લીલીયા–પૂંજાપાદરનાં વર્ષો જુના બ્રિજનો પ્રશ્ન હલ : બે નવા બ્રિજ બનશે

### રૂપિયા ૧૫ કરોડ જેવી માતબર રકમ મંજુર





સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા લીલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ગુજરાત સરકારમાં રજૂઆત કરીને લીલીયા અને પૂંજાપાદર ગામ વચ્ચેના વર્ષો જૂના બ્રિજના પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે, ગુજરાત સરકાર દ્વારા કુલ ૧૫ કરોડના વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં લીલીયા–પૂંજાપાદર બ્રિજ અને સી.સી. રોડ ૧૨ કરોડના ખર્ચે લીલીયા અને પુંજાપાદર ગામને જોડતો એક અત્યાધુનિક બ્રિજ બનાવવામાં આવશે. આ ઉપરાંત, બજાર વિસ્તારમાં પણ રોડનું નિર્માણ કરવામાં આવશે, જે અવર જવરને વધુ સુગમ બનાવશે ૩ કરોડના ખર્ચે લીલીયા–પુંજાપાદર–ભેંસવડી અને પુંજાપાદર–આંબા જંકશન પર ટ્રાઈએંગલ બ્રિજનું નિર્માણ થશે. જેમા

અનુસંધાન પાના ૬ ઉપર







### મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

# બગસરા પંથકમાં પાક નુકસાનીનાં સર્વેમાં થયેલ ભુલ સુધારવા રજુઆત

### સેટેલાઈટ સર્વેમાં થયેલ ભુલ સુધારવી જરૂરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા તાલુકામાં ગત વર્ષે પાક વાવેતર બાબતે થયેલ સેટેલાઈટ સર્વેમાં થયેલી ભૂલને કારણે અનેક ખેડૂતો વળતરનાં લાભથી વંચિત રહે તેમ હોય સર્વેમાં સુધારો કરવા માંગ સાથે મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

બગસરા તાલુકામાં તથા શહેરમાં ગત વર્ષે થયેલ સેટેલાઈટ સર્વેમાં અનેક ખેડૂતોના વાવેતરનાં દાખલામાં મોટાપાયે ભૂલો થયેલ હતી.

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)